dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 100 | AD - 2026, Paush Vad - 13 | Friday, Dt. 16-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદીના હસ્તે ૨૮મી કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ, ૨૦૨૬નું ઉદ્‌ઘાટન

# મહિલાઓ માત્ર લોકશાહીમાં ભાગ નથી લેતી પરંતુ તેનું નેતૃત્વ પણ કરે છે : મોદી

નવીદિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે નવી દિલ્હીમાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં ૨૮મી કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ, ૨૦૨૬નું ઉદ્‌ઘાટન કર્યું. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે ભારતના રાષ્ટ્રપતિ દેશના પ્રથમ નાગરિક, એક મહિલા છે. દિલ્હીના મુખ્યમંત્રી પણ એક મહિલા છે. આજે, ભારતીય મહિલાઓ માત્ર લોકશાહીમાં ભાગ લઈ રહી નથી પણ તેનું નેતૃત્વ પણ કરી રહી છે. તમારામાંથી ઘણા લોકો ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે જાણે છે. હકીકતમાં, આપણી લોકશાહીનું સ્તર અસાધારણ છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪ માં યોજાયેલી ભારતની સામાન્ય ચૂંટણીઓ માનવ ઈતિહાસની સૌથી મોટી લોકશાહી પ્રક્રિયા હતી. લગભગ ૯૮૦ મિલિયન નાગરિકોએ મતદાન માટે નોંધણી કરાવી હતી. આ સંખ્યા કેટલાક ખંડોની વસ્તી કરતાં વધી ગઈ છે. ૮,૦૦૦ થી વધુ ઉમેદવારો અને ૭૦૦ થી વધુ રાજકીય પક્ષોએ ચૂંટણીમાં ભાગ લીધો હતો. મહિલાઓએ પણ રેકોર્ડ મતદાન કર્યું હતું. તેમણે કહ્યું કે તમે બધા જ્યાં બેઠા છો તે સ્થળનું ભારતની લોકશાહી યાત્રામાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન છે. ગુલામીના અંતિમ વર્ષોમાં, જ્યારે ભારતની સ્વતંત્રતા ચળવળ તેના અંતના આરે હતી, ત્યારે બંધારણ સભા આ સેન્ટ્રલ હોલમાં ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે



મળી હતી. ભારતની સ્વતંત્રતા પછી, આ ઈમારતે ૭૫ વર્ષ સુધી ભારતની સંસદ તરીકે સેવા આપી હતી, અને ભારતના ભવિષ્યને લગતા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો અને ચર્ચાઓ આ હોલમાં થઈ હતી. હવે, ભારતે લોકશાહીને સમર્પિત આ સ્થળનું નામ બદલીને બંધારણ ગૃહ રાખ્યું છે. કોનવેલ્થ દેશોની કુલ વસ્તીના લગભગ ૫૦ ટકા લોકો ભારતમાં રહે છે. અમારો પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો રહ્યો છે કે ભારત બધા દેશોના વિકાસમાં શક્ય તેટલું યોગદાન આપે. અમે કોમનવેલ્થના ટકાઉ વિકાસ લક્ષ્યોમાં આરોગ્ય, આબોહવા પરિવર્તન, આર્થિક વિકાસ અને નવીનતાના ક્ષેત્રોમાં સંપૂર્ણ જવાબદારી સાથે અમારી પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી રહ્યા છીએ. ભારત સતત બધા ભાગીદારો પાસેથી શીખવાનો પ્રયાસ કરે છે. અમે એ પણ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરીએ છીએ કે અમારા અનુભવો અન્ય કોમનવેલ્થ ભાગીદારો માટે ઉપયોગી થાય. દુનિયા અભૂતપૂર્વ પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. આ સમયે, વૈશ્વિક દક્ષિણ માટે નવા માર્ગો શોધવાનો સમય છે. સંસદીય લોકશાહીમાં સ્પીકરની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. રસપ્રદ વાત એ છે કે સ્પીકર પોતે વધારે બોલતા નથી. તેમનું મુખ્ય કાર્ય સભ્યોને સાંભળવાનું અને દરેકને બોલવાની તક મળે તેની ખાતરી કરવાનું છે. સ્પીકરની સૌથી મહત્વપૂર્ણ ગુણવત્તા ધીરજ છે. તે સૌથી વધુ ઘોંઘાટીયા અથવા ઉત્સાહી સભ્યોને પણ સહનશીલતા અને સ્મિત સાથે સંભાળે છે. સંસદીય પ્રણાલીમાં, સ્પીકરની ભૂમિકા માત્ર અધ્યક્ષતા કરવાની જ નહીં પરંતુ બધા સભ્યો માટે ન્યાયી અને સંતુલિત વાતાવરણ બનાવવાની પણ છે. પીએમ મોદીએ નોંધ્યું કે ભારતમાં આ ચોથી વખત કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ યોજાઈ રહી છે. આ વખતે, કોન્ફરન્સનો મુખ્ય વિષય "સંસદીય લોકશાહીની અસરકારક ડિલિવરી" છે.

# મકરસંક્રાંતિના પર્વ પર સંગમમાં ૫૪ લાખ લોકોએ સ્નાન કર્યું, પતંગબાજીમાં ૧૭ લોકોના થયા મોત

ન્યુ દિલ્હી,તા.૧૫

દેશભરના અનેક ભાગોમાં ગુરુવારે પણ મકરસંક્રાંતિ મનાવવામાં આવી હતી. સંક્રાંતિને લઈને ગંગા, યમુના અને નર્મદા જેવી પ્રમુખ નદીઓના કિનારે લાખો લોકોએ સવારથી જ ડૂબકી લગાવી હતી. પ્રયાગરાજ માઘ મેળામાં ગુરુવારે મકરસંક્રાંતિનું સ્નાન પર્વ હતું. સંગમમાં બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૫૪ લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું હતું. હજુ અંદાજે દોઢ કરોડ શ્રદ્ધાળુઓ



ઉમટી પડે તેવું અનુમાન છે. મકરસંક્રાંતિ પર પતંગબાજી દરમિયાન સતત અકસ્માતો પણ સામે આવી રહ્યા છે. વિતેલા બે દિવસોમાં ગુજરાતમાં ૯ અને રાજસ્થાનમાં ૬, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં ૧-૧ વ્યક્તિના મોત થયા છે. યુપીના વારાણસીના ગંગા ઘાટ અને પશ્ચિમ બંગાળના ગંગાસાગરમાં સ્નાન માટે લોકોની ભીડ ઉમટી છે. પંજાબના અમૃતસરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સચખંડ શ્રી દરબાર સાહિબમાં પવિત્ર સ્નાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મકરસંક્રાંતિના અવસર પર પોતાના નિવાસસ્થાને ગાયોને ચારો ખવડાવ્યો હતો. ઉજ્જૈન સ્થિત વિશ્વ પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં મહાકાલનો તલના તેલથી અભિષેક કરવામાં આવ્યો હતો. ભસ્મઆરતીમાં પણ તલ અર્પણ કરવામાં આવ્યા અને તલના લાડુનો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

# મમતા સરકારે ઈડીના અધિકારીઓ સામે દાખલ કરેલી ફરિયાદ પર સુપ્રીમની રોક

**સરકાર ઈડીના કામમાં દખલ ન આપે, એજન્સીને તેનું કામ કરવા કરવા દે : સુપ્રીમ કોર્ટ**

ન્યુ દિલ્હી,તા.૧૫

કોલકાતામાં ૮ જાન્યુઆરીના રોજ I-PAC રેઈડ કેસમાં EDની અરજી પર સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારને નોટિસ પાઠવી છે. કોર્ટે CM મમતા બેનર્જીના નેતૃત્વવાળી સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો અને કહ્યું કે કેન્દ્રીય એજન્સીના આરોપો ગંભીર છે. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને



જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે કહ્યું કે સરકાર EDના કામમાં દખલ ન આપે. એજન્સીને પોતાનું કામ કરવા દે. કોર્ટે ૩ ફેબ્રુઆરીએ આગામી સુનાવણી સુધી ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ FIR પર પણ રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું- આ મામલે કેટલાક મોટા સવાલો છે, જેનો જવાબ ન મળે તો અરાજકતા ફેલાઈ શકે છે. જો કેન્દ્રીય એજન્સીઓ કોઈ ગંભીર ગુનાની તપાસ માટે ઈમાનદારીથી પોતાનું કામ કરી રહી છે, તો શું તેમને રાજનીતિ કરીને રોકી શકાય છે? કોલકાતામાં ૮ જાન્યુઆરીએ I-PAC ઓફિસ અને કંપનીના ડાયરેક્ટર પ્રતીક જૈનના ઘરે દરોડા (રેઈડ) મામલે EDની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલુ છે. EDએ જણાવ્યું હતું કે દરોડા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી ત્યાં પહોંચ્યાં અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો તથા દસ્તાવેજો પોતાની સાથે લઈ ગયા હતા.

# મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનનું મતદાન સંપન્ન

મુંબઈ,તા.૧૫

મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન સમાપ્ત થઈ ગયું છે. સૌથી મહત્વની વાત એ છે કે દરેકની નજર મુંબઈ મહાનગરપાલિકા એટલે કે BMCની ચૂંટણી પર છે. અહીં ભાજપ અને એકનાથ શિંદે એકસાથે મેદાનમાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એકસાથે લડ્યા હતા. BMCમાં કોણ જીતશે તેનો નિર્ણય ૧૬ જાન્યુઆરીએ થવાનો છે. પરંતુ આ પહેલા એક્ઝિટ પોલના ડેટામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. BMCમાં કુલ ૨૨૭



વોર્ડ છે. શિવસેના અને એનસીપી વચ્ચેના ભાગલા બાદ પ્રથમ વખત નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે. ડીવી રિસર્ચના એક્ઝિટ પોલ મુજબ બીજેપીની આગેવાની હેઠળની મહાયુતિને ૧૦૭થી ૧૨૨ સીટ મળી શકે છે. ઠાકરે બંધુઓના ગઠબંધનને ૬૮થી ૮૩ બેઠકો મળવાની શક્યતા છે. કોંગ્રેસ અને વંચિત બહુજન આઘાડીને ૧૮થી ૨૫ બેઠકો મળી શકે છે. જ્યારે એનસીપીના અજિત પવારને ૨ થી ૪ બેઠકો મળતી જણાય છે. અન્યને ૮ થી ૧૫ બેઠકો મળવાની શક્યતા છે. બીજેપીની આગેવાની હેઠળની મહાયુતિને ૪૧ ટકા વોટ મળતા જણાય છે. ઠાકરે ભાઈઓના ગઠબંધનને ૩૩ ટકા વોટ, કોંગ્રેસ અને વંચિત બહુજન અઘાડીને ૧૩ ટકા વોટ મળી શકે છે, જ્યારે એનસીપી અજિત પવારને ૩ ટકા વોટ અને અન્યને ૧૦ ટકા વોટ મળી શકે છે. એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલ અનુસાર ભાજપ ગઠબંધનને ૪૪ ટકા મહિલાઓ અને ૪૦ ટકા પુરુષોના વોટ મળી શકે છે. ઠાકરે ગઠબંધનને ૩૧ ટકા મહિલાઓ અને ૩૩ ટકા પુરૂષોના મત મળી શકે છે. કોંગ્રેસ અને તેના

**બીએમસીના સર્વેમાં ભાજપ ગઠબંધન સૌથી આગળ**

સાથી પક્ષોને ૧૩ ટકા મહિલા અને ૧૩ ટકા પુરુષોના વોટ મળી શકે છે. અન્યમાં, મહિલાઓના ૧૨ ટકા અને પુરુષોના ૧૪ ટકા મત તેમના ખાતામાં જઈ શકે છે. એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલ અનુસાર ભાજપને ૧૩૧થી ૧૫૧ બેઠકો મળી શકે છે. શિવસેના યુબીટીને ૫૮-૬૮ સીટો મળી શકે છે. કોંગ્રેસને ૧૨-૧૬ મળી શકે છે. અન્યને ૬-૧૨ બેઠકો મળી શકે છે.

# બિહારમાં ૬ કોંગ્રેસી ધારાસભ્ય જેડીયુમાં જોડાય તેવી સંભાવના

બિહાર,તા.૧૫

બિહારના રાજકારણમાં ફરી એકવાર મોટા પાયે પક્ષપલટાના સંકેતો મળી રહ્યા છે, જેના કારણે રાજ્યનું રાજકીય સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ શકે તેમ છે. ચર્ચા છે કે કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ(યુનાઈટેડ)માં જોડાઈ શકે છે. જો આવું થશે, તો ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં કોંગ્રેસનું અસ્તિત્વ શૂન્ય થઈ જશે. રિપોર્ટ્સ અનુસાર, આ ધારાસભ્યો પક્ષની કામગીરીથી નારાજ છે અને તાજેતરમાં કોંગ્રેસ દ્વારા આયોજિત મહત્ત્વની બેઠકો અને કાર્યક્રમોથી પણ તેઓએ અંતર જાળવી રાખ્યું હતું, જે તેમના પક્ષ છોડવાના મજબૂત પુરાવા માનવામાં આવે છે.

જો કોંગ્રેસના આ ૬ ધારાસભ્યો જેડીયુમાં જોડાશે, તો નીતિશ કુમારની પાર્ટી ૯૧ ધારાસભ્યો સાથે વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી બની જશે અને ભાજપને પાછળ છોડી દેશે. હાલમાં ૮૯ બેઠકો સાથે ભાજપ પ્રથમ ક્રમે છે. જોકે, ભાજપ પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે સક્રિય છે. સમાચાર છે કે ભાજપ ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી 'રાષ્ટ્રીય લોક મોરચા'ના અસંતુષ્ટ ધારાસભ્યો પર નજર રાખી રહ્યું છે. RLMના ૪ માંથી ૩ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાનું કહેવાય છે, કારણ કે તેઓ કુશવાહા દ્વારા તેમના પુત્રને કેબિનેટ મંત્રી બનાવવાના નિર્ણયથી નારાજ છે.




# પં.બંગાળમાં નિપાહના વધુ ત્રણ કેસ ૧૨૦ લોકોને હોમ ક્વોરન્ટાઈન કરાયા

કોલકાત્તા,તા.૧૫



પશ્ચિમ બંગાળમાં હાલ નિપાહ વાયરસનો કાળો કહેર જોવા મળી રહ્યો છે. એક રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ પહેલા બે સ્વાસ્થ્ય કર્મીઓ બાદ હવે અન્ય ત્રણ લોકોમાં આ વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. જેની સાથે પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને પાંચ થઈ ગઈ છે. હાલ બંને સંક્રમિત સ્વાસ્થ્ય કર્મીઓને ICUમાં સારવાર અપાઈ રહી છે. બંનેની હાલત ગંભીર છે. સ્વાસ્થ્ય અધિકારીઓ આ વાયરસના સંપર્કમાં ત્યારે આવ્યા જ્યારે તે આ વાયરસ સંક્રમિતની શંકાએ ૧૨૦ લોકોને ટ્રેક કરી રહ્યા હતા. તે તમામ લોકોને હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.



# રાજુલાની ધારનાથ સોસાયટીમાં આર્મી ડેની શાનદાર ઉજવણી: રક્ષા શક્તિ સ્કૂલના વિદ્યાર્થી દ્વારા રાઈફલ શૂટિંગ નિદર્શન

રાજુલા,તા.૧૫

દેશભરમાં મનાવાતા થલ સેના સ્થાપના દિન એટલે કે આર્મી ડે નિમિત્તે રાજુલાની ધારનાથ સોસાયટીમાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતીય સૈન્ય જવાનોના સાહસ, શૌર્ય અને બલિદાનને યાદ કરી શહીદોને નમન કરવામાં આવ્યા હતા.



આર્મી ડેની ઉજવણીના ભાગરૂપે રક્ષા શક્તિ સ્કૂલ (ગીર-જીરા)માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ચૈતન્ય વિપુલભાઈ લહેરી દ્વારા રાઈફલ શૂટિંગનું નિદર્શન કરવામાં આવ્યું હતું અને પરેડ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચૈતન્ય લહેરીના નિવાસસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં બિપીનભાઈ કનુભાઈ લહેરી, મનુભાઈ ધાખડા, ગૌરવભાઈ જોટંગીયા, ચિરાગભાઈ જોષી, સંજયભાઈ ત્રિવેદી, હસુદાદા ત્રિવેદી, પરાગભાઈ જોષી, હરેશભાઈ જયસ્વાલ, કેતનભાઈ દવે, કીર્તિભાઈ તથા જશુભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

# જનક તળાવીયાના પ્રયત્નોથી બાબરાના મોટા દેવળીયા ગામે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે 'સુવિધાપથ' મંજૂર

લાઠી, તા.૧૫

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધાનો પ્રશ્ન હવે હલ થયો છે. રાજ્ય સરકાર દ્વારા અહીં રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં



આવ્યો છે. આ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો મહત્વના સાબિત થયા છે. મોટા દેવળીયા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને વર્ષોથી કાચા અને જર્જરિત રસ્તાઓને કારણે ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને ચોમાસામાં વાહન વ્યવહાર ખોરવાતો હતો. હવે ૧.૫૦ કરોડના ખર્ચે સી.સી. રોડ મંજૂર થતા ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે અને લોકોને કાયમી સુવિધા મળશે. આ મંજૂરી મળતાં ગામના સરપંચ, પંચાયત સદસ્યો અને ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલામાં આવેલી પૂંજાબાપુ ગૌશાળામાં ઉત્તરાયણના પર્વે દાનની સરવાણી વહી

રાજુલા,તા.૧૫



રાજુલાની પૂંજાબાપુ ગૌશાળામાં ૯૦૦ અપંગ ગાયોની સેવા માટે મકરસંક્રાંતિએ દાનનો ધોધ વહ્યો હતો. એવરેસ્ટ મસાલા પેઢીએ રૂ.૬૫ લાખનો આધુનિક શેડ અર્પણ કર્યો, જ્યારે રુદ્રગણ ગ્રુપે લોકમેળાની આવકમાંથી રૂ.૧૩,૧૩,૦૧૩ અને મોક્ષધામ માટે રૂ.૫ લાખનો ચેક આપ્યો. વિવિધ ટીમોએ રૂ.૫ લાખનું વધારાનું ફંડ એકત્ર કરી નિઃસ્વાર્થ ગૌસેવા કરતા આ ઉદાહરણીય કાર્યની પંથકમાં પ્રશંસા થઈ છે.

# બાબરાના ખાખરીયા ગામે કોળી સમાજ દ્વારા માંધાતા પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવણી

બાબરા,તા.૧૫

બાબરા તાલુકાના ખાખરીયા ગામે કોળી સમાજના યુવાનો દ્વારા માંધાતા પ્રાગટ્ય દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે સમાજના આરાધ્ય દેવ માંધાતા મહારાજના ચરણોમાં દીપ પ્રગટાવી અને પુષ્પહાર અર્પણ કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માંધાતા



તસવીર : દિપક કનૈયા

મહારાજના જીવન અને તેમના ઉપદેશોની યાદ તાજી કરવામાં આવી હતી. હાજર રહેલા વક્તાઓએ માંધાતા મહારાજના ત્યાગ, સાહસ અને સમાજ માટેના યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. કોળી સમાજના યુવાનોએ એકત્રિત થઈને સમાજમાં એકતા, ભાઈચારો અને સંસ્કાર જળવાય રહે તે માટે સામૂહિક સંકલ્પ લીધો હતો. કાર્યક્રમમાં નવી પેઢી પોતાના સંસ્કાર અને પરંપરાઓ સાથે જોડાય તે હેતુસર યુવાનોમાં ધાર્મિક અને સામાજિક ચેતના વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ તકે ગામના વડીલો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા નેચર કલબ દ્વારા ૨૦ કિલો જીવલેણ દોરીનો નાશ કરાયો

રાજુલા, તા.૧૫



ઉત્તરાયણ પર્વ બાદ નેચર કલબ દ્વારા 'અબોલ પક્ષી બચાવો' અભિયાન અંતર્ગત ૨૦ કિલોથી વધુ ઘાતક ચાઈનીઝ દોરીનો નાશ કરવામાં આવ્યો હતો. કલબના પ્રમુખ વિપુલભાઈ લહેરી અને પક્ષીપ્રેમી ચિરાગભાઈ જોષીની આગેવાનીમાં શહેરના વૃક્ષો, થાંભલા અને રોડ પરથી જોખમી દોરીઓ એકઠી કરાઈ હતી. છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત આ સંસ્થા સાથે બાળકો અને અગ્રણીઓ જોડાયા હતા. ચિરાગભાઈએ લોકોને ચાઈનીઝ દોરીનો બહિષ્કાર કરી પક્ષીઓના જીવ બચાવવા અને જાગૃતિ કેળવવા ખાસ અપીલ કરી હતી.

# અમરેલીમાં આહીર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન : રાજુલાની ટીમ ચેમ્પિયન

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના નેજા નીચે અમરેલીના સહજ સિટી ગ્રાઉન્ડ ખાતે તારીખ ૯, ૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ આહીર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રમત દ્વારા શિસ્ત, સંગઠન અને શક્તિનો વિકાસ કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં જિલ્લાભરમાંથી કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો.



ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં અમરેલીની શ્યામ ઈલેવન અને રાજુલાની આરાધ્યા ઈલેવન વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં રાજુલાની આરાધ્યા ઈલેવન વિજેતા બની હતી. વિજેતા અને રનર્સ અપ બંને ટીમોને ટ્રોફી અને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પણ બિરદાવવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ બેટ્સમેન જીલુ લાખણોત્રા, બેસ્ટ બોલર રણજીત ડેર, બેસ્ટ ફિલ્ડર રાજુ વાઘ અને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ મૂળુ લાખણોત્રાને મળ્યો હતો.

આ તકે અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાએ જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટનો હેતુ યુવાનોમાં ખેલદિલી અને આત્મવિશ્વાસ વધારવાનો તેમજ તેમને સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડવાનો છે. આયોજનને સફળ બનાવવા માટે રણજીત ડેર, દિગ્વિજય સોરઠીયા, અનવીર આહીર અને જે.ડી. આહીર સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. સમાજના આગેવાનો અને વડીલોએ આર્થિક સહયોગ અને હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# બગસરાની શાળામાં ૩૫૦ વિદ્યાર્થીઓને અમદાવાદ ટ્રસ્ટ દ્વારા સ્વેટરનું વિતરણ

બગસરા,તા.૧૫

બગસરામાં જેતપુર રોડ પરની શાળા નંબર ૪ના તમામ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને અમદાવાદના ટ્રસ્ટ દ્વારા ઠંડીમાં શરીરના રક્ષણ માટે ઉત્તરાયણ નિમિત્તે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના શેઠ ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ, રિલિજિયસ એન્ડ ચેરીટેબલ



તસવીર :હાર્દિક બામટા

ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ પારેખ તથા ગીરીશભાઈ પારેખ દ્વારા તેમના માતા યમુનાબેન સી. પારેખના સ્મરણાર્થે તમામ વિદ્યાર્થીઓને ઉત્તરાયણના દિવસે આ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકોને ઉત્તરાયણમાં ઉજાણી કરવાના હેતુથી તલની બનાવેલી મીઠાઈ પણ આપવામાં આવી હતી.

# બગસરામાં પતંગ ચગાવવા મુદ્દે બબાલ : સામસામી ફરિયાદ

બગસરા, તા. ૧૫

અમરેલી જિલ્લાના બગસરામાં પતંગ ચગાવવા જેવી સામાન્ય બાબતમાં થયેલા ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. અહીં એક મહિલા સાથે ઝઘડો કરી, તેનું બાવડું પકડીને જાતીય સતામણી કરવામાં આવી હોવાની અને મારપીટની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ હતી. જલ્પાબેન હસમુખભાઈ ડોડીયા (ઉ.વ.૩૦)એ મહેશ જગદિશભાઈ પરમાર તથા તેમના પત્ની માધવીબેન મહેશભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ બગસરામાં તેના દીકરાને આરોપીઓએ પતંગ ચગાવવાની ના પાડી હતી. આ બાબતે મહિલા અને સાહેદ આરોપીને ઠપકો આપવા ગયા હતા. ત્યારે આરોપી મહેશે ઉશ્કેરાઈને કહ્યું હતું કે, 'તારાથી કંઈ થયું નથી અને અત્યારે પણ હું જેમ કહીશ એમ જ થશે અને તારે એ જ કરવું પડશે.'

બોલાચાલી દરમિયાન આરોપી મહેશે મહિલાનું બાવડું પકડી લીધું હતું. મહિલાએ સ્વબચાવમાં એક ઝાપટ મારી તો આરોપીએ પણ વળતો હુમલો કરી મહિલાને ઝાપટ મારી હતી. ગંભીર આક્ષેપ મુજબ, આરોપીએ મહિલાનું ટી-શર્ટ ઊંચું કરી તેની જાતીય સતામણી કરી હતી અને અભદ્ર માંગણી કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ઝઘડા દરમિયાન અન્ય આરોપી માધવીબેન પણ ત્યાં દોડી આવ્યા હતા અને તેમણે પણ મહિલાને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. આ બંને આરોપીઓએ એકબીજાને ગુનો કરવામાં મદદગારી કરી હતી.

જે બાદ માધવીબેન મહેશભાઈ જગદિશભાઈ પરમાર (ઉ.વ.૩૩)એ જલ્પાબેન હસમુખભાઈ ડોડીયા, તેમના ભાભી દિવ્યાબેન તથા તેમના ભાઈ વિમલ ચિત્રોડા સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ તથા સાહેદો અગાસી ઉપર પતંગ ચગાવતા હોય, ત્યારે ત્રણેય આરોપીઓ ત્યાં જઈ 'તું કેમ અમારા ઘરમાં મારા પતિને મારી વિરૂધ્ધમાં ચડામણી કરે છે' તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈને શરીરે મોઢાના ભાગે બે ત્રણ ઝાપટ મારી દીધી હતી. દિવ્યાબેને પણ તેમને જેમફાવે તેમ ગાળો આપી હતી. વિમલે તેમનું બાવડું પકડી લઈ બ્લાઉઝમાં હાથ નાખી તેની જાતીય સતામણી કરી અભદ્ર માંગણી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કોવાયા ગામે રૂ.૯ લાખની ઉઘરાણી મામલે કાકા પર ભત્રીજાનો હુમલો

રાજુલા, તા. ૧૫

રાજુલા તાલુકાના કોવાયા ગામે પૈસાની લેતીદેતી મામલે કૌટુંબિક સભ્યો વચ્ચે હિંસક અથડામણ થઈ હોવાની ઘટના સામે આવી હતી. નવ લાખ રૂપિયાની જૂની ઉઘરાણી મુદ્દે થયેલી બોલાચાલી બાદ ભત્રીજા અને તેના પુત્રએ ફરિયાદી વૃદ્ધ સાથે મારપીટ કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. શીવાભાઈ રાણીંગભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૩) એ જીકારભાઈ સામતભાઈ લાખણોત્રા તથા જીવણાભાઈ જીકારભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ જ્યારે પોતાના ઘરે હતા ત્યારે તેમના કૌટુંબિક ભત્રીજા જીકારભાઈ સામતભાઈ લાખણોત્રા અને તેમનો પુત્ર જીવણાભાઈ ત્યાં આવ્યા હતા. આરોપીઓએ તેમની પાસે જૂના બાકી નીકળતા ૯ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જેના જવાબમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, 'મેં પૈસા ચૂકવી દીધા છે.' પોતે પૈસા આપી દીધા હોવાનું કહેતા જ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. આરોપીઓએ તેમને મુંઢમાર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ સામે આવ્યું છે.










મનિષ સંઘાણીના માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા સહકારી સંસ્થાઓના

# મંત્રી, મેનેજરોએ સહકારી અભ્યાસ અંતર્ગત ગોવાના પ્રખ્યાત મસાલા ફાર્મની મુલાકાત લીધી

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની સહકારી સંસ્થાઓના મંત્રીઓ અને મેનેજરો માટે ગોવા ખાતે એક વિશેષ સહકારી અભ્યાસ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન સહકારી પ્રતિનિધિઓએ ગોવાના પ્રખ્યાત મસાલા ફાર્મની મુલાકાત લીધી હતી. ફાર્મ ખાતે તજ, લવિંગ, એલચી અને કાજુ જેવા મસાલાઓના ઉત્પાદન તેમજ તેના મુલ્યવર્ધન કરવાની પ્રોસેસ વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. ખાસ કરીને કાજુની ફેની બનાવવાની પ્રક્રિયા અને ઉચ્ચ ગુણવત્તાવાળા મસાલાઓની પરખ કેવી રીતે કરવી તે અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું.




# બગસરા નગરપાલિકા પ્રમુખને બદલે પતિ વહીવટ કરતા હોવાની અરજી બાદ હાઈકોર્ટે નિયામકને તપાસ સોંપી

બગસરા,તા.૧૫

બગસરા નગરપાલિકાના મહિલા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયાને બદલે તેમના પતિ એ.વી. રીબડીયા દ્વારા તમામ વહીવટ કરવામાં આવતો હોવાની ફરિયાદ હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચી છે. આ મામલે ગંભીર નોંધ લેતા હાઈકોર્ટે નગરપાલિકા નિયામકને તાત્કાલિક તપાસ કરી અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલે આક્ષેપ કર્યો હતો કે, મહિલા પ્રમુખ પાલિકામાં ભાગ્યે જ હાજર રહે છે. તેમની ખુરશી પર બેસીને તેમના પતિ જ તમામ ફાઈલો પર સહીઓ કરે છે અને મીડિયા સમક્ષ પણ તેઓ જ પ્રતિનિધિત્વ કરે છે. પુરાવા તરીકે હાઈકોર્ટમાં ફોટોગ્રાફ્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયાએ આ આક્ષેપો નકારતા જણાવ્યું હતું કે તેઓ માત્ર બાજુની ખુરશીમાં બેસે છે અને પ્રમુખ પોતે શિક્ષિત હોવાથી વહીવટ સંભાળવા સક્ષમ છે.

**મહિલા હોદ્દેદારો માત્ર 'શોભાના ગાંઠિયા'?**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહિલા પ્રમુખના બદલે પતિ દ્વારા કરાતા વહીવટની તપાસના આદેશ બાદ સ્થાનિકોમાં ભારે ચર્ચા જાગી છે. લોકોની માંગ છે કે માત્ર બગસરા જ નહીં, પણ જ્યાં મહિલા હોદ્દેદારોના નામે તેમના પતિઓ સત્તા ભોગવે છે તે તમામ જગ્યાએ તપાસ થવી જોઈએ.

# સા.કુંડલામાં ખેતાણી પરિવાર દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે બાળકોને ચીકીનું વિતરણ કરાયું

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાના વતની દાતા, ભગવાન મહાવીર સ્વામીના અનુયાયી એવા મુંબઈસ્થિત માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશનના સહયોગથી શહેરના જરૂરિયાતમંદ વિસ્તારમાં મિક્સ ચીકીના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ ભટ્ટ, મંત્રી નંદલાલ જે. સાદિયા, અઠુભાઈ ઠક્કરના માર્ગદર્શનમાં જુદી જુદી ટીમોએ શહેર ફરતે ઝૂંપડપટ્ટીના બાળકોને ચીકીનું વિતરણ કર્યું હતું. આ તકે કે. ડી. મહેતા, પ્રકાશભાઈ ગોસ્વામી, ધનજીભાઈ કાચા, રતિભાઈ સુરજીવાળા, મહેન્દ્રભાઈ જાગાણી, બસીરભાઈ યાદવ, મુકેશભાઈ જેઠવા વગેરેએ પોતાના વાહનો દ્વારા આ સેવાકાર્યમાં સહયોગ આપેલ.



# યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાના ભારતભૂષણ મહેશભાઈ મહેતાનો જન્મ દિવસ

ચલાલા,તા.૧૫

ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ભારતભૂષણ મહેશભાઈ મહેતાનો આજે જન્મદિન હતો. આ પ્રસંગે સમગ્ર સમાજ, સંસ્થાઓ અને સેવાભાવી વર્તુળોમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે. ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શનમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજો, રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ તથા સંસ્કૃત શક્તિ ગુરુકુળ આજે ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારનો દીપ પ્રજ્વલિત કરી રહી છે.



# લીલીયા પોલીસે વિખૂટા પડેલા બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું

લીલીયા, તા.૧૫

લીલીયા ટાઉનમાં પિતાથી વિખૂટા પડેલા અને ઈજાગ્રસ્ત થયેલા સાત વર્ષના માસૂમ બાળકનું લીલીયા પોલીસે ગણતરીના કલાકોમાં તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે. પી.આઈ. એમ. ડી. સાળુકેના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર અપાવી હતી. બાળકે આપેલી વિગતોના આધારે પોલીસે ગોઢાવદર ગામની સીમમાં રહેતા પિતા વિનુભાઈ વશરામભાઈ ભુવાને શોધી બાળક તેમને સોંપ્યું હતું. પરિવારે પોલીસનો આભાર માન્યો હતો.



# સાવરકુંડલામાં પતંગની દોરીથી આધેડને ગળામાં ગંભીર ઈજા

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલામાં ખાદી કાર્યાલય વિસ્તારમાં રહેતા ભુપતભાઈ નાનજીભાઈ પાટડીયા (ઉંમર ૫૬ વર્ષ)ને આજે સવારે પતંગની દોરીથી ગંભીર ઈજા થઈ છે. તેઓ ગાયને ચારો ખવડાવી રહ્યા હતા ત્યારે અચાનક સંભવિત ચાઈનીઝ દોરી તેમના ગળા પર લપેટાઈ ગઈ, જેના કારણે ગળામાં ઊંડો કાપો પડ્યો અને લોહી વહેવા લાગ્યું હતું. તાત્કાલિક તેમને સાવરકુંડલાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ઈમરજન્સીમાં ગળાના ભાગે સાત ટાંકા લઈને સારવાર કરી હતી. હાલમાં ભુપતભાઈની તબિયત સ્થિર છે અને તેઓ જોખમમુક્ત છે, પરંતુ તેઓ હજુ હોસ્પિટલમાં દાખલ છે અને નિરીક્ષણ હેઠળ છે.



# વડીયાના તોરી-રામપુર રોડ પર મજૂરી અને કામના પૈસા બાબતે અથડામણ

વડીયા, તા.૧૫

વડીયાના તોરી-રામપુર રોડ પર ગોડાઉનના કામની મજૂરી અને ભાગીદારી બાબતે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. પાઈપ અને તીક્ષ્ણ હથિયારો વડે થયેલા આ હુમલામાં બંને પક્ષે ઈજાઓ પહોંચતા પોલીસે સામસામી ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચંદુભાઈ ઉકાભાઈ રાઠોડ (ઉ.વ.૩૯) એ નરેશ ગોવિંદભાઈ સાગઠીયા, ભીખુભાઈ ગોવિંદભાઈ સાગઠીયા, ગોવિંદભાઈ સામતભાઈ સાગઠીયા તથા વૈભવભાઈ કરસનભાઈ સાગઠીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને સાહેદો જ્યારે રામપુર-તોરી રોડ પર ઉભા હતા, ત્યારે આરોપીઓએ તેમના પર હુમલો કર્યો હતો. દસ-બાર દિવસ પહેલા પીઠડીયા ચોકડી પાસે એક ગોડાઉનનું કામ રાખવામાં આવ્યું હતું. જેમાં આરોપી માત્ર બે જ દિવસ કામ પર આવ્યો હોવાથી ફરિયાદીએ તેને મજૂરીના ૨૦૦૦ રૂપિયા ચૂકવી દઈ હવેથી કામમાં ભાગ નહીં મળે તેમ જણાવ્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓએ નશાની હાલતમાં ફાઈબરના પાઈપ વડે ફરિયાદીને માથા, હાથ-પગ અને વાંસાના ભાગે આડેધડ માર માર્યો હતો. અન્ય ત્રણ આરોપીઓએ પણ ભેગા મળીને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ગોવિંદભાઈ સામતભાઈ સાગઠીયા (ઉ.વ.૬૦) એ ચંદુભાઈ ઉકાભાઈ રાઠોડ (ઉ.વ.૩૯) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પીઠડીયા ચોકડી પાસે રાખેલા ગોડાઉનના કામના બાકી નીકળતા ૩૯૦૦ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. આ પૈસા માંગતા આરોપીને સારું નહોતું લાગ્યું અને તેણે લોખંડના પાઈપ વડે ફરિયાદીની છાતીના ભાગે ઘા ઝીંકી દીધો હતો.

# દામનગર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં સંતોની હાજરીમાં શાકોત્સવ

દામનગર,તા.૧૫

દામનગર BAPS સ્વામિનારાયણ મંદિર પરિસરમાં વરિષ્ઠ સંતોની પાવન નિશ્રામાં દિવ્ય શાકોત્સવ અને સત્સંગસભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી BAPS મંદિરના કોઠારી પૂજ્ય સાધુચરિતદાસજી સ્વામીએ 'ભગવાન જ કર્તા' વિષય પર મનનીય પ્રવચન આપતા જણાવ્યું હતું કે જીવનના પ્રત્યેક કાર્યમાં પરમાત્માને અગ્રેસર રાખવા જોઈએ. સભામાં સંતોએ સત્વશીલ આહાર, સંયુક્ત કુટુંબ ભાવના અને ઉત્તમ બાળ ઘડતર દ્વારા ભારતીય સંસ્કૃતિના જતન પર ભાર મૂક્યો હતો. સ્વામીએ સંસ્થાના એવા શિક્ષિત યુવાન સંતોના જીવનનો ચિતાર આપ્યો હતો જેમણે ઉચ્ચ અભ્યાસ છોડીને દેશ-દુનિયાની સેવા માટે ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે.

આ ઉત્સવમાં યોગવીરદાસજી, ભગવતકીર્તનદાસજી અને અન્તરાજદાસજી સહિતના સંતવૃંદની ઉપસ્થિતિ રહી હતી. દામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારો હરિભક્તોએ ઉમટી પડી આ દિવ્ય શાકોત્સવનો પ્રસાદ અને સત્સંગનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.


તસવીર : વિનોદ જયપાલ

**સત્સંગસભામાં આસપાસના ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા**

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ BCA - MCA નામાંકિત કોમ્પ્યુટર કોલેજ
સંકુલ BBA - MBA નામાંકિત મેનેજમેન્ટ કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad173

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વૉલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૩૨/૨૦૨૬

અરજદાર :- શ્રી રસીદાબેન હાસમભાઈ સોલંકી
રહે.વાંકીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.સાજીયાવદર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામમાં અરજદારશ્રી રસીદાબેન હાસમભાઈ સોલંકી તેઓના નાના ભાઈ યુનુસભાઈ હાસમભાઈ સોલંકીની જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૪૨/૨૫ — તા.૧૫/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી દિવાળીબેન મગનભાઈ સાથલપરા,
રહે.મુ. અમરાપરા, તા. બાબરા, જિ.અમરેલી.

**- //વિરૂધ્ધ// -**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, અમરાપરા,
અમરાપરા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપરા ગામના રહીશ આ કામના અરજદારના પુત્રી શ્રી લીલાબેન મગનભાઈ સાથલપરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ મોજે. અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૨/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૨૮/૨૦૨૬

અરજદાર :- શ્રી રમણીકભાઈ પોપટભાઈ દેવાણી
રહે.તરકતળાવ, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.તરકતળાવ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરકતળાવમાં અરજદારશ્રી રમણીકભાઈ પોપટભાઈ દેવાણી તેઓના નાના બહેન નિતાબેન પોપટભાઈ દેવાણીની જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.82/2025

પ્રતિ,
શ્રી ગોપાલકુમાર વાલજીભાઈ વાઢેળ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.જી.સોસા, કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ
...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી ગોપાલકુમાર વાલજીભાઈ વાઢેળના દાદી સ્વ.મેઈબેન રાજાભાઈ વાઢેળનું મરણ તારીખ 05/12/1979 ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસાના સને.1979 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ઉત્તરાયણ નિમિત્તે 'કરુણા અભિયાન' હેઠળ સરકાર અને સેવાકીય સંસ્થાઓની પ્રશંસનીય કામગીરી

અમરેલી,તા.૧૫




ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા 'કરુણા અભિયાન' ને સાર્થક કરવા માટે અમરેલી જિલ્લામાં વન, પશુપાલન, પોલીસ વિભાગ અને સેવાભાવી સંસ્થાઓ ખભે ખભો મિલાવીને કાર્ય કરી રહી છે. સાવરકુંડલા ખાતે સામાજિક વનીકરણ રેન્જ (નોર્મલ રેન્જ), વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ અને તાત્કાલિક હનુમાનજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવમાત્રના રક્ષણ માટે પ્રશંસનીય જહેમત ઉઠાવવામાં આવી રહી છે. સરકારના આ અભિયાનને સાર્થક કરવા સમગ્ર જિલ્લામાં અનેક અબોલ પક્ષીઓ અને અન્ય જીવોના જીવ બચાવી લેવાયા છે. ઉત્તરાયણ પર્વ દરમિયાન પક્ષીઓ ઘાતક દોરીથી ઘાયલ ન થાય તે હેતુથી સાવરકુંડલાની તમામ શાળાઓમાં વિશેષ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. પર્વ દરમિયાન લોકોની સુરક્ષા માટે ટુ-વ્હીલ ચલાવતી વખતે હેલ્મેટ અને ગળાના સેફ્ટી ગાર્ડનો ઉપયોગ કરવા તેમજ વીજળીના તાર પર ફસાયેલી દોરી ન ખેંચવા જેવી મહત્વની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે મહિલાની છેડતી અને હુમલાથી ચકચાર

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૫

અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે પડોશમાં રહેતા બે શખ્સોએ એક મહિલાને અવારનવાર હેરાન કરી, તેમના પર હુમલો કરી તેમજ છેડતી કર્યાની ગંભીર ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મંજુલાબેન આણંદભાઈ બગડા (ઉ.વ.૫૫)એ ગૌતમભાઈ મંગાભાઈ બગડા તથા ગોવિંદભાઈ મંગાભાઈ બગડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, મહિલાને તેના ગામમાં જ રહેતા આરોપીઓ અવારનવાર માનસિક રીતે હેરાન પરેશાન કરતા હતા. આરોપીઓ દ્વારા મહિલાના ઘર પર પથ્થરમારો કરવામાં આવતો અને તેમની સામે ખરાબ નજર રાખવામાં આવતી હતી. બે દિવસ પહેલા તેમના ઘરે પંચાયતનું પાણી આવવાનું બંધ થયું, ત્યારે તેમણે બહાર જઈને તપાસ કરી હતી. આ દરમિયાન આરોપી નંબર-૧ પાણીનો વાલ્વ બંધ કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. મહિલાએ આ બાબતે ઠપકો આપતા જ આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો.

ઝઘડો વધતા બંને આરોપીઓ તેણીના ઘરે પહોંચ્યા હતા. ત્યાં જઈને ફરી ગાળાગાળી કરી તેમને બથ ભરી લઈ તેની છેડતી કરી હતી. જ્યારે મહિલા પોતાનો બચાવ કરી રહી હતી, ત્યારે આરોપીએ ગાલ પર લાફો ઝીંકી દીધો હતો. જે બાદ મીનાબેન ગૌતમભાઈ બગડા (ઉ.વ.૪૫)એ સંજય ઉર્ફે ચંદુ આણંદભાઈ બગડા તથા મંજુલાબેન સામે ફરિયાદ નોંધાવી હતી.

# રાજુલા શહેરમાં પાંચાળી આહીર સમાજના પ્રમુખની બિનહરીફ વરણી

રાજુલા,તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં મકરસંક્રાંતિના પવિત્ર પર્વે છગનભાઈ કલસરિયાના અધ્યક્ષસ્થાને શ્રી પાંચાળી આહીર સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે દિલીપભાઈ જીંજાળા બીજીવાર બિનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાયા છે. ઉપરાંત, ઉપપ્રમુખ તરીકે ભીખાભાઈ નકુમ અને છગનભાઈ બલદાણીયા, મંત્રી તરીકે ભરતભાઈ કાતરીયા તથા સહ-મંત્રી તરીકે બળવંતભાઈ મકવાણાની વરણી કરવામાં આવી છે. આ નવનિયુક્ત ટીમને સમાજના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી છે.

# બાબરાના કોટડાપીઠા પાસે હિટ એન્ડ રન: અજાણ્યા વાહનની અડફેટે પુરુષનું મોત

બાબરા, તા.૧૫

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કોટડાપીઠા ગામ પાસે ભાવનગર-રાજકોટ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. મિસ્ત્રીકામ કરીને ઘરે પરત ફરી રહેલા એક વૃદ્ધને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તેમનું ગંભીર ઈજાઓના કારણે મોત નિપજ્યું હતું. આ અંગે બાબરાની વેલનાથ સોસાયટીમાં રહેતા અલ્પેશભાઈ જયંતીભાઈ કટકીયા (ઉ.વ.૨૬)એ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ કોટડાપીઠા ગામના રહેવાસી જયંતીભાઈ હરજીભાઈ કટકીયા (ઉં.વ. ૫૮) ગત તારીખ ૦૯/૦૧/૨૬ના રોજ રાત્રે આશરે ૦૭:૪૫ વાગ્યાના અરસામાં ગામમાં રહેતા હીરાભાઈ ગમારાના ઘરેથી મિસ્ત્રીકામ પતાવીને પગપાળા બસ સ્ટેશન તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ભાવનગર-રાજકોટ હાઈવે પર સરકારી દવાખાના સામેથી પસાર થતા સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને પૂરઝડપે ચલાવી જયંતીભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને જમણી આંખ પાસે અને ગરદનના પાછળના ભાગે ફેક્ચર તથા માથાના ભાગે ગંભીર હેમરેજ થયું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે મૃતકના પુત્રએ બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી ફરાર વાહન ચાલકની શોધખોળ હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના દાધિયા ગામે યાદો ભરેલો ફોન ખોવાઈ જતા પરિણીતાનો આપઘાત

સાવરકુંડલા, તા.૧૫

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. જેમાં લગ્ન અને સંતાનોની જૂની યાદો સમાન ફોટોગ્રાફ્સ ધરાવતો મોબાઈલ ફોન ખોવાઈ જતાં અને નવો ફોન ખરીદવાની આર્થિક સગવડ ન હોવાથી મનમાં લાગી આવતા એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. મળતી વિગત મુજબ, મૃતક મહિલાના પતિનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો. આ ફોનમાં તેમના લગ્નના ફોટા, સંતાનોના બાળપણની યાદો અને પરિવારના અનેક કિંમતી વીડિયો સંગ્રહાયેલા હતા. મધ્યમવર્ગીય પરિવાર માટે આ ફોન માત્ર એક ઉપકરણ નહીં, પરંતુ જીવનની સુંદર ક્ષણોનો સંગ્રહ હતો. સાવરકુંડલા વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના તરવડા ગામેથી સગીરાનું અપહરણ, લગ્નની લાલચ આપી ભગાડી જનાર શખ્સ સામે ફરિયાદ

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના તરવડા ગામે સગીરાને લગ્ન અથવા અન્ય ઈરાદે લલચાવી ફોસલાવીને ભગાડી જવાની ઘટના સામે આવી હતી. આ મામલે સગીરાના પિતાએ બે શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અને હાલ તરવડા ગામે રહી મજૂરી કરતા સગીરાના પિતાએ તેમના જ રાજ્યના મહેશ મલશીંગ ભુંડળ તથા રમેશભાઈ જામસીંગ મેહડા સામે ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ, તરવડા ગામે રહેતા ફરિયાદીની સગીર વયની દીકરીને મહેશ ભુંડળ લગ્ન કરવાની લાલચ આપી અથવા બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. સગીરાને પટાવી-ફોસલાવીને પોતાની સાથે લઈ જઈ આરોપીએ કાયદેસરના વાલીપણાનો ભંગ કર્યો હતો.

આ ગુનામાં માત્ર મુખ્ય આરોપી જ નહીં, પરંતુ તેને સાથ આપનાર અન્ય એક શખ્સ રમેશભાઈ મેહડા પણ સામેલ છે. પોલીસ ફરિયાદ મુજબ, રમેશ મેહડાએ સગીરાને ભગાડવામાં મુખ્ય આરોપીને સંપૂર્ણ મદદ કરી હતી અને ગુનામાં સહભાગી બન્યો હતો. દીકરી ગુમ થતા પરિવારે શોધખોળ આદરી હતી, પરંતુ કોઈ પતો ન લાગતા આખરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# અમરેલીના મોણપુર ગામે પારિવારિક કલહમાં પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના મોણપુર ગામે નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ એક પરિણીતાએ ઝેરી પાવડર પી લેતા ચકચાર મચી ગઈ હતી. બહારગામ મજૂરી કરવા જવા બાબતે પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાનું પરિણામ આત્મહત્યાના પ્રયાસમાં આવતા પરિણીતાને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સુરજભાઈ રમેશભાઈ સોંદરવા (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેમને મજૂરી કામ અર્થે બહારગામ જવાનું હતું. તેમની પત્ની આરતીબેન પણ સાથે આવવા માંગતા હતા, પરંતુ પતિએ તેમને બહાર આવવાની ના પાડતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મનમાં લાગી આવતા આરતીબેને ઘરમાં રહેલો D.D.T.નો ઝેરી પાવડર ગટગટાવી લીધો હતો. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# જાફરાબાદમાંથી લક્ઝરી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**પોલીસે રૂ.૨.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

જાફરાબાદ, તા. ૧૫

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે પોલીસે બાતમીના આધારે રેડ પાડી એક લક્ઝરી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સફેદ કલરની વોક્સવેગન પોલો કારમાં દમણ અને દીવ નિર્મિત દારૂનું વહન કરી રહેલા શખ્સને પોલીસે મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો.

મળતી વિગતો મુજબ, પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ કલરની વોક્સવેગન પોલો કાર (રજી. નં. GJ-૦૬-HD-૧૦૯૭) માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી રેઈડ પાડતા કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૪૩ બોટલો મળી આવી હતી.

પોલીસ તપાસમાં કારમાંથી દારૂની વિવિઝ બ્રાન્ડની ૪૩ બોટલો મળી હતી. કાર, મોબાઈલ, દારૂની બોટલો મળી કુલ રૂ.૨,૧૩,૩૮૪નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જિલ્લામાંથી ૯ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા. ૧૬-૦૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૂળ

## દૈનિક રાશિફળ

**તા.૧૬-૦૧-૨૦૨૬ શુક્રવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને પરિવાર સાથે આનંદમાં સમય વિતાવશો.

વૃષભ: આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટ અને માન-સન્માનના લાભ મળશે.

મિથુન: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને તમારું ભાગ્ય વધી શકે છે.

કર્ક: તમારે જરૂરિયાત મુજબ જોખમ પણ લેવું જોઈએ, આમ કરવાથી તમારા માટે સફળતાની નવી રીત ખુલી શકે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે જુદો છે. કાર્યસ્થળમાં કેટલાક પરિવર્તન આવશે.

કન્યા: આજે તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ રહેશો.

તુલા: આજે કોઈ કારણસર મુશ્કેલી આવી શકે છે. પારિવારિક મુશ્કેલીઓ સમસ્યામાં વધારો કરી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે.

ધન: આ દિવસે તમે તમારા કાર્યક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી શકો છો.

મકર: આજે તમારા ઘરના લોકો સાથે થોડો વિવાદ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તમારું દાંપત્ય જીવન સુખી રહેશે.

કુંભ: આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા તરફ લઈ જશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે.

મીન: આ દિવસે નોકરી અને ધંધામાં ઇચ્છિત પરિણામ મળતાં આનંદ થશે.

# અમરેલીમાંથી ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ બે જગ્યાએથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

અમરેલી, તા.૧૫

અમરેલી શહેરમાં ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. શહેરમાં ગઢની રાંગ પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ પ્લાસ્ટિક દોરીના જથ્થા સાથે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામા ક્રમાંક ૧૦૩૫/૨૦૨૫ (તા. ૨૪/૧૧/૨૦૨૫) અન્વયે ચાઈનીઝ દોરીના વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આમ છતાં, ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ નફો કમાવાની લાલચે આ નિયમોનું ઉલ્લંઘન કરતા શખ્સો પોલીસની ઝપટે ચડ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન આરોપીઓના કબજામાંથી ચાઈનીઝ પ્લાસ્ટિક ફિરકી - ૨૦ નંગ મળી આવી હતી. પોલીસે કુલ રૂ.૧૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા શખ્સો આ દોરીનું વેચાણ કરવાના ઈરાદે ગઢની રાંગ પાસે ઊભા હતા ત્યારે જ પોલીસે તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે. આ સિવાય નાગનાથ સર્કલ પાસેથી એક યુવક બે ચાઈનીઝ ફિરકી સાથે પકડાયો હતો. તેની પાસેથી ૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ મળ્યો હતો. બંને ઈસમો પાસેથી મળીને કુલ ૧૬,૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# ધારી પંથકમાંથી બે યુવતીઓ લાપતા બની

**યુવતીના પરિવારજનોએ પોલીસમાં જાણ કરતા તપાસ શરૂ કરવામાં આવી**

ધારી, તા.૧૫

ધારી પંથકમાંથી બે યુવતીઓ લાપતા બની હતી. એક યુવતી ઘરેથી સિલાઈકામ કરાવવાનું કહીને નીકળી હતી અને બીજી યુવતી કોઈને કહ્યા વગર જતી રહી હતી. દલખાણીયા ગામે રહેતા ભીખુભાઈ સવજીભાઈ સુખડીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી ઈશાબેન (ઉ.વ.૧૮) ઘરેથી સીલાઈકામ કરાવવાનું કહીને ક્યાંક જતી રહી હતી. ધારીના વેકરીયાપરામાં રહેતા પ્રવિણભાઈ ચકુભાઈ ખેતરીયા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમની સંધ્યાબેન (ઉ.વ.૨૩) પોતાની મેળે કોઈને કશું કહ્યા વગર જતી રહી હતી.

# ચલાલાના ઢોલરવા ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસનો દરોડો; આરોપી ફરાર

**પોલીસે ૧૦ લીટર દેશી દારૂ, તથા ૫૦ લીટર આથો સહિત રૂા.૪૬૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

ચલાલા, તા.૧૫

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ સતત કાર્યરત છે. તેવામાં ચલાલા નજીક આવેલા ઢોલરવા ગામની સીમમાં વોકળાના વિસ્તારમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસે સફળ દરોડો પાડીને મોટા પ્રમાણમાં મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, પોલીસ પહોંચે તે પહેલા આરોપી સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પોલીસની તપાસ દરમિયાન ભઠ્ઠીના સાધનો અને દારૂ બનાવવા માટેનો કાચો માલ મળી આવ્યો હતો. પોલીસે ૧૦ લીટર દેશી દારૂ, દેશી દારૂનો આથો ૫૦ લીટર તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૪,૬૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાતમીના આધારે પોલીસે જ્યારે ઢોલરવા ગામની સીમમાં દરોડો પાડ્યો, ત્યારે સ્થળ પર દેશી દારૂ બનાવવાની પ્રક્રિયા ચાલુ હતી. પોલીસે તમામ સાધનો અને દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. આ કેસમાં આરોપી સ્થળ પર હાજર મળી ન આવતા પોલીસે તેની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ જિલ્લામાંથી ૨૯ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જ્યારે ૩૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# અમરેલીમાં કાજીવાડ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રોકડ રૂા.૩,૧૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૧૫

અમરેલી શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના પાણી દરવાજા પાસે આવેલા કાજીવાડ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે રોકડ રકમ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ, અમરેલી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે પાણી દરવાજા કાજીવાડ પાસે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી રેઈડ પાડતા ત્યાં ગંજીપત્તાના પાના વડે 'તીનપત્તી'નો હાર-જીતનો જુગાર રમતા અબ્દુલ્લા ઉર્ફે રાજુ કાદરભાઈ કુરેશી, મુબીન મહેબુબભાઈ કુરેશી તથા આજમભાઈ ગુલાબભાઈ વાઘેલા પકડાઈ ગયા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ રૂ.૩,૧૭૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય ઈસમોની અટકાયત કરી તેમની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. જાહેર રસ્તા કે ગલીઓમાં જુગાર જેવી બદીઓને ડામવા માટે પોલીસ દ્વારા આ પ્રકારની કાર્યવાહી આગામી સમયમાં પણ ચાલુ રહેશે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વાય. કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# આત્મનિર્ભર ગામડું નવા ભારતની પહેચાન

ભારત એક એવો દેશ છે જેનો પાયો તેના ગામડાઓમાં નખાયો છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "જો ગામડું નાશ પામશે તો ભારત પણ નાશ પામશે." ૨૧મી સદીના આધુનિક યુગમાં આ વિધાન વધુ પ્રાસંગિક બન્યું છે, કારણ કે રાષ્ટ્રનો સાચો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે ગામડાઓ માત્ર વસ્તીના કેન્દ્રો મટીને આર્થિક અને સામાજિક ઉન્નતિના કેન્દ્રો બને. આધુનિક ભારતનું આદર્શ ગામ એટલે માત્ર ભૌતિક સુવિધાઓનું પ્રદર્શન નહીં, પરંતુ વિજ્ઞાન અને સંસ્કારનો એક એવો સુમેળ જ્યાં માનવી પ્રકૃતિની નજીક રહીને આધુનિકતાના તમામ લાભો મેળવી શકે. આ પરિવર્તનની પ્રક્રિયામાં સરકારી યોજનાઓ અને આધુનિક ટેકનોલોજી એક ચાલક બળ (Driving Froce) તરીકે ઉભરી આવ્યા છે, જે ગ્રામીણ જીવનશૈલીની વ્યાખ્યા બદલી રહ્યા છે.

આદર્શ ગામના નિર્માણમાં સૌથી પહેલું અને મહત્વનું સોપાન સરકારી કલ્યાણકારી યોજનાઓનું સફળ અને પારદર્શક અમલીકરણ છે. કેન્દ્ર સરકારની 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' (SAGY) એ આ દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. આ યોજના માત્ર માળખાગત વિકાસની વાત નથી કરતી, પરંતુ સામાજિક-આર્થિક ઉત્થાન પર ભાર મૂકે છે. જ્યારે કોઈ ગામ આ યોજના હેઠળ પસંદ કરવામાં આવે છે, ત્યારે ત્યાં પાકા રસ્તાઓની જાળ બિછાવવામાં આવે છે, જે ગામને મુખ્ય ધોરીમાર્ગો અને શહેરી બજારો સાથે જોડે છે. ૨૪ કલાક અવિરત વીજળી પુરવઠો અને દરેક ઘરમાં નળ વાટે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવું એ આધુનિક ગામની પ્રાથમિક ઓળખ બની ગઈ છે. આ સુવિધાઓને કારણે ગ્રામીણ જીવનની હાડમારીઓ ઓછી થઈ છે અને લોકોના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

ડિજિટલ ક્રાંતિએ આદર્શ ગામની સંકલ્પનાને એક નવો આયામ આપ્યો છે. 'ભારત નેટ' પ્રોજેક્ટ દ્વારા દરેક ગ્રામ પંચાયતને હાઈ-સ્પીડ ફાઈબર ઓપ્ટિક્સથી જોડવામાં આવી રહી છે. આ કનેક્ટિવિટીને કારણે 'ઈ-ગ્રામ' (e-Gram) જેવી સેવાઓ ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. હવે ખેડૂતોએ સાત-બારના ઉતારા કે અન્ય સરકારી દાખલાઓ મેળવવા માટે દિવસો સુધી તાલુકા કચેરીઓના ધક્કા ખાવા પડતા નથી; તમામ સેવાઓ પંચાયત ઘરમાંથી જ આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે. વધુમાં, ટેલી-મેડિસિનના માધ્યમથી ગામડાનો દર્દી સીધો જ શહેરના નિષ્ણાત ડોક્ટરની સલાહ લઈ શકે છે, જે અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ખાઈને પૂરવાનું કામ કરે છે.

આદર્શ ગામની સંકલ્પનામાં સ્વાસ્થ્ય સુવિધાઓનું સ્થાન પણ અગ્રીમ છે. ગામડાઓમાં આધુનિક હોસ્પિટલો ભલે ન હોય, પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓ, વેક્સિનેશન અને ઈમરજન્સી એમ્બ્યુલન્સની સુવિધા હોવી જોઈએ. આયુષ્માન ભારત જેવી યોજનાઓ દ્વારા ગરીબમાં ગરીબ માણસ પણ ગંભીર બીમારીની સારવાર કરાવી શકે તે આધુનિક ગામનું લક્ષ્ય છે. સાથોસાથ શિક્ષણમાં પણ ગુણવત્તા લાવવા માટે સ્માર્ટ ક્લાસ અને ઓનલાઈન શિક્ષણની પદ્ધતિ નાના ગામના બાળકોને વિશ્વના શ્રેષ્ઠ શિક્ષણ સાથે જોડે છે.

આ આદર્શ ગામની સુવાસ આખા દેશમાં ફેલાશે અને "નાનું સુખડ ઘણું ઘસાય" એ ઉક્તિ મુજબ, નાનકડું ગામ પણ રાષ્ટ્રના ઉત્થાનમાં મોટું યોગદાન આપશે. આ જ આધુનિક ભારતનો સાચો અને ટકાઉ માર્ગ છે.

# સૌરાષ્ટ્રના જળસંકટની હકીકત અને વૉટરગ્રિડનો વિકલ્પ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સૌરાષ્ટ્રની ભૂગોળ ઊંધી રકાબી જેવી હોવાથી વરસાદી પાણી ઝડપથી દરિયામાં વહી જાય છે. પહાડીઓ અને ઢોળાવવાળા વિસ્તારોમાં પડેલો વરસાદ જમીનમાં ઊતરે એ પહેલાં જ નદીનાળાઓ મારફતે સમુદ્રમાં મળી જાય છે. અગાઉ જંગલો અને વનસ્પતિ જમીનનો ભેજ જાળવી રાખવામાં મદદરૂપ બનતા, પરંતુ વ્યાપક વન વિનાશને કારણે જમીનની પાણી ગ્રહણ કરવાની શક્તિ પણ ઘટી ગઈ છે. પરિણામે સારો વરસાદ થાય ત્યારે પણ તેનો લાભ લાંબા સમય સુધી મળતો નથી. ઉનાળો શરૂ થતાં જ શહેરો અને ગામોમાં પાણી માટે હાહાકાર મચી જાય છે.

આમ છતાં નર્મદા અને મહી આધારિત પાણી પુરવઠાની યોજનાથી પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે.

સૌરાષ્ટ્રમાં પાણીની જરૂરિયાતની સરખામણીએ ઉપલબ્ધ સંસાધનો ઘણાં ઓછાં છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં સ્થિતિ બિલકુલ વિરુદ્ધ છે, જ્યાં પાણીની જરૂરિયાત કરતાં પુરવઠો વધારે છે અને ભારે વરસાદ દરમિયાન નદીઓ ઓવરફ્લો થઈને લાખો ઘનમીટર પાણી દરિયામાં વહી જાય છે. આ વિસંગતિ જ સૌરાષ્ટ્રની જળસમસ્યાનો મૂળ પ્રશ્ન છે. જ્યાં પાણી માટે સંઘર્ષ છે ત્યાં પાણી પહોંચતું નથી અને જ્યાં પાણી ભરપૂર છે ત્યાં તેનો ઉપયોગ થઈ શકતો નથી.

ખેતી ક્ષેત્રે જો નજર કરીએ તો સૌરાષ્ટ્રની સ્થિતિ વધુ ચિંતાજનક દેખાય છે. અહીંની મોટાભાગની સિંચાઈ ભૂગર્ભ જળ પર આધારિત છે. નહેર દ્વારા પૂરતું પાણી ન મળતાં ખેડૂતો કૂવા અને બોર દ્વારા પેટાળનું પાણી ખેંચવા મજબૂર બન્યા છે. ખેતીયોગ્ય લાખો હેક્ટર જમીન ઉપર હજારો કૂવા અને બોર કાર્યરત છે. દાયકાઓ પહેલાં જ્યાં ૨૦૦ થી ૨૫૦ ફૂટ ઊંડે પાણી મળી જતું હતું, ત્યાં આજે ૩૫૦ થી ૪૦૦ ફૂટ સુધી બોર ઉતારવા પડે છે. આ સતત વધતી ઊંડાઈ માત્ર ખર્ચાળ નથી, પરંતુ ભવિષ્ય માટે જોખમી પણ છે.

ભૂગર્ભ જળના અતિશય શોષણને કારણે સમુદ્રના ખારા પાણીનો પ્રવેશ અંદર તરફ વધતો જાય છે. કિનારાથી અનેક કિલોમીટર અંદર સુધી ખારાશ ફેલાઈ ગઈ છે, જેના કારણે કૂવા અને ટ્યુબવેલ બિનઉપયોગી બન્યા છે. પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ વધતાં માનવી અને પશુ બંને આરોગ્ય સમસ્યાઓનો ભોગ બની રહ્યા છે. આ સ્થિતિ દર્શાવે છે કે ભૂગર્ભજળ પર આધાર રાખવો હવે ટકાઉ વિકલ્પ રહ્યો નથી.



છેલ્લાં વર્ષોમાં ચેકડેમો અને નાની સિંચાઈ યોજનાઓ દ્વારા પાણી સંગ્રહના પ્રયાસો થયા છે. જ્યાં પૂરતો વરસાદ થયો છે ત્યાં તેની સકારાત્મક અસર પણ જોવા મળી છે. કૂવાઓ રિચાર્જ થયા છે, ખેતીને ફાયદો થયો છે અને ગ્રામ્યજીવનમાં સ્થિરતા આવી છે પરંતુ જ્યારે વરસાદ અપૂરતો રહે છે ત્યારે આ તમામ વ્યવસ્થાઓ નિષ્ફળ સાબિત થાય છે. આથી વિકાસની વધતી માંગને પહોંચી વળવા માત્ર ચેકડેમો પર આધાર રાખવો પૂરતો નથી.

ગુજરાત રાજ્યમાં કરોડો લોકો આજે પણ પીવાના પાણીની તંગી અનુભવે છે. આ વચ્ચે દક્ષિણ ગુજરાતમાં માત્ર થોડા દિવસના ભારે વરસાદમાં જ અગણિત પાણી દરિયામાં વહી જાય છે. જો આ પાણીનો થોડો પણ ભાગ સંગ્રહ કરી શકાય તો વર્ષો સુધીની જરૂરિયાત પૂરી થઈ શકે. પ્રશ્ન એ નથી કે પાણી ઉપલબ્ધ છે કે નહીં, પ્રશ્ન એ છે કે શું આપણે તેનો યોગ્ય ઉપયોગ કરી શકીએ છીએ?

આ સંદર્ભમાં નર્મદા યોજના એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. નર્મદાને ગુજરાતની જીવાદોરી કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ યોજના સૌરાષ્ટ્રના સમગ્ર પાણી પ્રશ્નનો ઉકેલ આપી શકતી નથી. સૌરાષ્ટ્રનો મોટો વિસ્તાર નર્મદા સિંચાઈના લાભથી વંચિત રહે છે. લાખો લોકો અને હજારો ગામોને પીવાના અને ખેતીના પાણી માટે હજુ પણ અન્ય વિકલ્પો શોધવા પડે છે. આ સ્થિતિમાં નર્મદાની કેનાલ અને દક્ષિણ ગુજરાતની નદીઓના વધારાના પાણીનો સંયુક્ત ઉપયોગ કરતો વૉટરગ્રિડ એક આશાસ્પદ વિચાર બની શકે છે.

વૉટરગ્રિડનો અર્થ માત્ર નદી જોડાણ નથી, પરંતુ રાજ્યવ્યાપી પાણી વ્યવસ્થાપનનું જાળું છે. નર્મદાના પૂરનાં પાણી અને દક્ષિણ ગુજરાતની નદીઓના દરિયામાં વહી જતાં વધારાના જળને સંગ્રહ કરી, લિફ્ટિંગ અને કેનાલ દ્વારા સૌરાષ્ટ્ર સુધી પહોંચાડવાની સંકલ્પના તેમાં સામેલ છે. હાલની કેનાલો અને ઉપ કેનાલોના માળખાનો ઉપયોગ કરીને આ કાર્ય ખર્ચાળ બન્યા વિના શક્ય છે. યોગ્ય આયોજનથી આ પાણી પીવા, ખેતી અને ઉદ્યોગ ત્રણેય ક્ષેત્રે ઉપયોગી બની શકે.

આર્થિક દૃષ્ટિએ પણ આ વિચાર અત્યંત મહત્વનો છે. દુષ્કાળના સમયમાં સરકાર પાણી પુરવઠા અને રાહત માટે દર વર્ષે હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. જો આ રકમનો ઉપયોગ લાંબા ગાળાના વૉટરગ્રિડ પ્રોજેક્ટ માટે કરવામાં આવે તો કાયમી ઉકેલ મળી શકે. ખેતીમાં ઉત્પાદન વધશે, ખેડૂતોની આવકમાં વધારો થશે, ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી સર્જાશે અને રાજ્યના મહેસૂલમાં પણ વધારો થશે.


પાણી ઉપલબ્ધ થતાં ખેતી આધારિત ઉદ્યોગો વિકસશે, નિકાસમાં વધારો થશે અને સમગ્ર સૌરાષ્ટ્રની અર્થવ્યવસ્થાને નવી દિશા મળશે. સાથે સાથે પર્યાવરણને પણ ફાયદો થશે. જમીનમાં ભેજ વધતાં વૃક્ષો અને વનસ્પતિ વિકસશે, ખારાશ આગળ વધતી અટકશે અને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત થશે. પ્રવાસન ક્ષેત્રે પણ નવા અવસરો સર્જાશે.

સૌરાષ્ટ્રમાં લોકભાગીદારીથી થયેલા જળસંગ્રહના પ્રયોગો આશા જગાવે છે. કેટલાક ગામોએ સરકારી સહાય વિના લોકફાળા અને લોકશ્રમથી ચેકડેમો અને તળાવો બનાવીને પોતાની જળ સમસ્યા હળવી કરી છે. આવા પ્રયત્નોથી ખેતીમાં નોંધપાત્ર વધારો થયો છે અને ઉનાળામાં પણ કૂવાઓ ભરેલા રહે છે. આ ઉદાહરણો દર્શાવે છે કે જો સમાજ સંકલ્પબદ્ધ થાય તો અશક્ય લાગતું કાર્ય પણ શક્ય બને છે.

હવે સમય આવી ગયો છે કે આ એકલ-દોકલ પ્રયાસોને સમગ્ર સૌરાષ્ટ્રમાં વ્યાપક બનાવવામાં આવે. નદીઓનું પરસ્પર જોડાણ, નર્મદાની નહેર દ્વારા દક્ષિણની નદીઓના વધારાના પાણીનો ઉપયોગ અને ગામેગામ જળ જાગૃતિ દ્વારા જળમંદિરોનું નિર્માણ થાય તો સૌરાષ્ટ્રનું ચિત્ર બદલી શકે. દાન અને પુણ્યની પરંપરાને જો પાણી સંરક્ષણ સાથે જોડવામાં આવે તો ભાવિ પેઢીઓ માટે અમૂલ્ય ભેટ સાબિત થશે. અંતમાં કહી શકાય કે સૌરાષ્ટ્રની જળ સમસ્યા માત્ર કુદરતી નથી, તે માનવસર્જિત પણ છે. વરસાદ ઓછો છે તેવું માનવું અર્ધસત્ય છે; સાચો પ્રશ્ન વરસાદના સંગ્રહ અને વિતરણનો છે. વૉટરગ્રિડ જેવી દ્રષ્ટિવાન યોજના, લોકભાગીદારી અને દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ સાથે અમલમાં આવે તો સૌરાષ્ટ્ર સૂકા પ્રદેશમાંથી હરિયાળા નંદનવનમાં પરિવર્તિત થઈ શકે. પાણી માત્ર જીવનનું સાધન નથી, તે વિકાસ, સ્વાભિમાન અને ભવિષ્યની આશા છે.

**સૌરાષ્ટ્ર આજે જે સૌથી ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે તેમાં પાણીની અછત પ્રથમ ક્રમે આવે છે. વર્ષોથી ચાલતી આ સમસ્યા હવે માત્ર ઋતુ આધારિત નથી રહી, પરંતુ કાયમી સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. વરસાદ પડે છે છતાં પાણી ટકતું નથી, ડેમો બને છે છતાં તરસ બુઝાતી નથી અને વિકાસની વાતો થાય છે છતાં પાયો સૂકો રહે છે. આ સ્થિતિ પાછળ સૌરાષ્ટ્રની ભૌગોલિક રચના, વનવિનાશ, અવિવેકપૂર્ણ ભૂગર્ભ જળ ઉપયોગ અને અપૂરતી સંગ્રહ વ્યવસ્થાનો મોટો ફાળો છે. આવી પરિસ્થિતિમાં પરંપરાગત ઉપાયો પૂરતા નથી; હવે દ્રષ્ટિવાન અને લાંબા ગાળાનો વિકલ્પ જરૂરી બની ગયો છે.**

## શબ્દ સંજોગ- ૨૧૩૩



**આડી ચાવી :**
(૧) પાપનું આ તો કરવુ જ પડે (૪)
(૪) ભારતની એક નદી (૪)
(૭) કસમ, સોગંદ (૨)
(૮).......વાડો એટલે કબ્રસ્તાન (૩)
(૯) એક બ્રાહ્મણ અટક (૨)
(૧૦) ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ (૩)
(૧૨) એક પક્ષી (૩)
(૧૫) નામની આગળ માનાર્થે લખાય (૧)
(૧૬) દેવી-દેવતાને માથે આ તો હોય જ (૩)
(૧૮) હુન્નર - કલાવાળુ (૪)
(૨૧) એક પંખી (૨)
(૨૨) કૂદકો, છલાંગ (૩)
(૨૫) ધોળુ, રૂપાનું (૩)
(૨૬) હંસ (૩)
(૨૮) ઓછુ, ખરાબ (૨)
(૨૯) આ થાય તો હસવુ આવે (પણ અહી આ-અ) (૪)
(૩૦) પ્રસિધ્ધ વૈદક શાસ્ત્રી (૩)
(૩૧) ............કરતા ધાડ પડી (૩)

**ઉભી ચાવી :**
(૧) કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે (૨)
(૨) જોડકુ (૩)
(૩) ત્રણ ગણુ (૩)
(૪) ઘણો જ ખારો રસ (૩)
(૫) છેક પાસે, અડીને (૪)
(૬) નાણુ, સોનું (૨)
(૧૧) હદ, અદબ (૩)
(૧૩) ભારતની એક નદી (૩)
(૧૪) દોષ, ખામી (૨)
(૧૭) એક વજન (૨)
(૨૦) લીન, આસકત (૨)
(૨૧) નકશાનું અંગ્રેજી કરો (૨)
(૨૩) ભાંગે નહિ પણે વળે એવુ નરમ (૪)
(૨૪) ધરતી (૨)
(૨૫) ચીજ, દાગીનો (૩)
(૨૬) ભારતનું એક પ્રાચીન રાજય (૩)
(૨૭) સુંદર, રમણીય (૩)
(૨૯) પારકું, અન્ય (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૧ જવાબ

**આડી ચાવીઃ** (૧) કમલ (૩) ભવન (૬) સસલું (૭) હેમંત (૮) રમણ (૧૦) વરૂ (૧૧) તલ (૧૨) વગર (૧૪) મકર (૧૬) ધરપત (૨૧) વર્ગ (૨૨) શરમ (૨૩) રજુ (૨૪) ધરમ (૨૫) વિસામો (૨૬) કર્મ (૨૭) નગ. **ઉભી ચાવીઃ** (૧) કસરત (૨) લસણ (૩) ભલું (૪) નહેરુ (૫) કાતર (૯) મલમ (૧૦) વરધ (૧૨) વર (૧૩) કાંપ (૧૫) કસ (૧૭) રકત (૧૮) તરજુમો (૧૯) શ્રવણ (૨૦) શરમન (૨૨) શર (૨૩) રસાલો (૨૪) ધર્મ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૬૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૬૪ |
| જુવાર સફેદ | ૯૩૧ | ૧૦૩૫ |
| તુવેર | ૯૨૦ | ૧૫૬૦ |
| ચણા પીળા | ૯૪૫ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૧૭૫ | ૧૯૧૦ |
| અડદ | ૮૬૦ | ૧૫૨૦ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૩ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૦૯૦ |
| મઠ | ૧૧૧૫ | ૧૯૯૦ |
| વટાણા | ૪૦૦ | ૧૦૬૫ |
| રાજમા | ૬૦૦ | ૧૩૭૦ |
| મગફળી જાડી | ૧૦૮૦ | ૧૩૯૦ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૪૧૦ |
| તલી | ૧૬૦૦ | ૨૦૪૬ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૪૦ |
| અજમો | ૮૮૮ | ૨૫૦૫ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૮૦ | ૯૯૫ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૫૫૪ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૮૯૧ |
| લસણ | ૧૦૯૦ | ૧૫૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૦૫ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૪૯૫૦ |
| ધાણી | ૧૪૨૦ | ૧૯૩૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૯૫ |
| જીરૂ | ૩૮૧૧ | ૪૩૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૩૧૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૧૬૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૨૫ |
| રજકાનું બી | ૫૧૦૦ | ૮૧૭૫ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૧૭ | ૪૬૨ |
| પપૈયા | ૯૦ | ૧૪૦ |
| બટેટા | ૧૧૩ | ૩૪૩ |
| ડુંગળી સુકી | ૭૩ | ૨૩૦ |
| ટમેટા | ૪૨૩ | ૭૩૧ |
| સુરણ | ૬૨૧ | ૮૦૩ |
| કોથમરી | ૨૧૪ | ૩૨૧ |
| મુળા | ૩૨૬ | ૫૨૨ |
| રીંગણા | ૨૮૧ | ૫૧૭ |
| કોબીજ | ૮૯ | ૧૬૯ |
| ફ્લાવર | ૨૨૩ | ૪૧૯ |
| ભીંડો | ૫૩૬ | ૧૦૨૪ |
| ગુવાર | ૧૨૧૪ | ૧૫૨૭ |
| ચોળાસીંગ | ૭૧૮ | ૯૯૩ |
| વાલોળ | ૫૧૪ | ૭૦૩ |
| ટીંડોરા | ૫૦૭ | ૯૮૯ |
| દુધી | ૩૨૫ | ૫૦૬ |
| કારેલા | ૪૧૬ | ૭૨૮ |
| સરગવો | ૧૦૧૯ | ૧૪૦૬ |
| તુરીયા | ૧૦૨૪ | ૧૩૯૯ |
| પરવર | ૧૬૦૬ | ૧૯૮૮ |
| કાકડી | ૩૩૮ | ૮૮૯ |
| ગાજર | ૨૨૩ | ૩૮૯ |
| વટાણા | ૩૨૭ | ૫૧૯ |
| તુવેરસીંગ | ૩૩૬ | ૫૧૧ |
| ગલકા | ૬૩૧ | ૮૦૨ |
| બીટ | ૮૫ | ૧૫૯ |
| મેથી | ૧૧૩ | ૧૭૮ |
| વાલ | ૪૩૭ | ૬૪૫ |
| ડુંગળી લીલી | ૨૮૪ | ૪૧૨ |
| આદુ | ૯૧૩ | ૧૧૧૨ |
| ચણા લીલા | ૧૧૧ | ૩૯૧ |
| મરચા લીલા | ૩૧૧ | ૫૧૮ |
| હળદર લીલી | ૫૨૧ | ૭૦૯ |
| લસણ લીલું | ૮૧૩ | ૧૧૮૭ |
| મકાઇ લીલી | ૨૨૩ | ૪૦૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૪ | ૫૯૮ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૩૯૧ |
| સિંગદાણા જાડા | ૧૪૫૧ | ૧૬૮૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૬૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૩૫૧ |
| ધાણા | ૯૫૧ | ૧૯૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૩૫૧ | ૫૨૫૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૫૧ |
| અડદ | ૯૦૧ | ૧૫૩૧ |
| મઠ | ૭૨૬ | ૮૩૦ |
| તુવેર | ૧૦૦૧ | ૧૬૧૧ |
| મેથી | ૮૦૧ | ૧૧૧૧ |
| કાંગ | ૫૦૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૧૬ |
| નવા ધાણા | ૧૯૬૧ | ૧૯૬૧ |
| નવી ધાણી | ૧૬૨૬ | ૧૯૯૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૭૯૧ |
| મગફળી ૬૬ | ૧૧૪૧ | ૧૫૯૧ |
| તલ - તલી | ૧૩૫૦ | ૨૦૫૧ |
| ધાણી | ૧૧૫૧ | ૨૧૨૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૩૮૧ |
| બાજરો | ૩૫૧ | ૪૮૧ |
| જુવાર | ૮૪૧ | ૯૭૧ |
| મકાઇ | ૨૭૧ | ૩૮૧ |
| મગ | ૧૦૧૧ | ૧૯૪૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૫૬ |
| વાલ | ૪૨૬ | ૮૬૧ |
| ચોળા / ચોળી | ૭૨૬ | ૭૫૦ |
| સોયાબીન | ૮૫૬ | ૧૦૦૧ |
| ગોગળી | ૮૭૧ | ૧૧૯૧ |
| વટાણા | ૭૨૬ | ૯૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૬૦ | ૭૦૦ |
| ગાજર | ૧૬૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૪ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૩૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૭ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| લસણ પુરા | ૪ | ૬ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૯૦ |
| શિંગ ૬૬ ન | ૧૨૬૫ | ૧૨૬૫ |
| શિંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૪૧૦ |
| શિંગ મોટી | ૮૨૦ | ૧૩૯૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૫૫ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૧૪૦ |
| જુવાર | ૭૨૫ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૪૫ |
| મગ | ૬૦૦ | ૧૦૩૫ |
| અડદ | ૧૦૬૫ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૩૦૦ | ૧૬૪૫ |
| તુવેર | ૮૩૦ | ૧૪૪૫ |
| કપાસ | ૧૦૮૫ | ૧૬૭૫ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૧૬૦ | ૪૧૪૦ |
| રાય | ૧૭૮૦ | ૧૭૯૦ |
| ધાણા | ૧૨૮૫ | ૧૮૪૫ |
| મેથી | ૯૨૦ | ૧૦૦૫ |
| સોયાબીન | ૯૩૦ | ૯૯૫ |
| મરચા લાંબા | ૯૯૦ | ૪૯૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૩૧૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૬૦ | ૩૧૦ |
| શકકરીયા | ૪૧૦ | ૬૧૦ |
| ટમેટાં | ૫૧૦ | ૬૬૦ |
| સુરણ | ૬૧૦ | ૭૧૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૮૧૦ | ૧૦૧૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૩૫૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૪૨૦ | ૮૨૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૨૦ | ૭૨૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૬૨૦ | ૧૦૨૦ |
| હળદળ લીલી | ૪૧૦ | ૮૧૦ |
| આદુ | ૧૦૧૦ | ૧૨૧૦ |
| કોથમીર | ૨૧૦ | ૩૧૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૨૭૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૧૦ | ૭૧૦ |
| બીટ | ૨૧૦ | ૩૧૦ |
| તુવેર | ૫૧૦ | ૬૧૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૭૧૦ | ૮૧૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૨૦૧૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીબુ | ૨૧૦ | ૩૧૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | - |
| જીરૂ | ૩૬૮૬ | ૪૨૫૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૯૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૪૪ |
| મગ | ૧૧૧૨ | - |
| ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| તુવેર | ૧૩૧૬ | ૧૪૭૫ |
| મેથી | ૧૦૨૨ | - |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૦૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૪૦ | ૧૫૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૩૭૫ | ૩૭૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૯૫ | ૧૩૫૦ |
| ચણા | ૭૦૫ | ૧૦૦૦ |
| શીંગ દાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૭૫ | ૯૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૩૬ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૩૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૯ |
| ધાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૫૭૦ | ૯૬૧ |
| મગફળી | ૯૩૦ | ૧૩૫૦ |
| જુવાર | ૫૦૦ | ૬૯૦ |
| શીંગદાણા | ૧૩૫૫ | ૧૪૦૦ |
| લસણ | ૫૦૦ | ૬૧૦ |
| ચણા સફેદ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૨૮૧ |
| કપાસ | ૯૦૦ | ૧૫૭૫ |
| બાજરો | ૩૪૦ | ૪૨૫ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૫૧ |
| જુવાર | ૭૫૧ | ૧૦૭૫ |
| મગ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૭૫૦ | ૮૦૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૩૫૨ |
| ચણા | ૯૦૦ | ૯૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૬૫ | ૧૬૪૪ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૬૦ |
| મગફળી | ૧૧૧૨ | ૧૩૫૮ |
| તલ | ૧૬૭૫ | ૧૮૮૫ |
| જીરૂ | ૩૨૨૦ | ૪૧૯૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ચણા | ૯૩૫ | ૧૦૪૫ |
| તુવેર | ૯૮૫ | ૧૨૯૫ |
| સોયાબીન | ૭૮૯ | ૯૪૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૩૧ | ૧૧૯૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૪૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૮ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૬ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૧૬ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૩૭૬ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૭૩૬ |
| ધાણા | ૧૫૦૦ | ૧૮૧૬ |
| સોયાબીન | ૮૦૦ | ૯૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૨૦૧ | ૧૩૦૧ |
| શીંગ ૩૯ | ૧૧૧૧ | ૧૨૭૭ |
| શીંગ ગીરનાર | ૧૨૭૧ | ૧૩૦૧ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૩૪૫ |
| જુવાર | ૪૫૮ | ૬૯૬ |
| બાજરી | ૩૫૯ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૧૮ |
| મકાઈ | ૫૭૧ | ૫૭૧ |
| અડદ | ૯૭૬ | ૧૦૭૦ |
| મગ દેશી | ૧૬૮૨ | ૩૦૦૭ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૫૫ |
| ડુંગળી સફેદ | ૧૭૪ | ૪૦૧ |
| કપાસ શંકર | ૧૦૭૮ | ૧૫૧૬ |
| નાળીયેર | ૬૫૦ | ૨૧૭૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૪૨૪ |
| મગફળી ૩૨ ન | ૧૧૬૦ | ૧૩૭૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૬૨૩ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૨૬ |
| જુવાર | ૮૦૦ | ૯૪૨ |
| અડદ | ૭૫૦ | ૧૦૬૦ |
| મગ | ૧૦૫૦ | ૧૭૪૦ |
| ચણા | ૮૧૧ | ૧૦૨૩ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૨૨ |
| તલ કાળા | ૩૧૦૦ | ૪૨૮૦ |
| સોયાબીન | ૯૧૧ | ૧૦૧૨ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૯૯ | ૫૩૨ |
| મગ | ૧૨૦૦ | ૧૬૦૫ |
| અડદ | ૯૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૯૧૦ | ૧૩૧૦ |
| ચોળી | ૬૭૦ | ૧૦૮૦ |
| વાલ | ૭૦૦ | ૮૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૫૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૮ |
| તલ | ૧૯૨૫ | ૨૦૦૦ |
| લસણ | ૧૧૨૫ | ૧૮૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| જીરૂ | ૩૭૧૦ | ૪૨૭૦ |
| અજમો | ૧૪૦૦ | ૪૫૦૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૪૨૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૬૫ |
| મરચા | ૧૫૦૦ | ૪૨૦૦ |
| ડુંગળી | ૩૦ | ૩૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૮૮ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં કેન્સરથી પીડાતા દર્દીની સારવાર કરાઈ


અમરેલી,તા.૧૫



અમરેલીમાં આવેલી શાંતાબા જનરલ હોસ્પિટલે તબીબી ક્ષેત્રે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. સ્વરપેટીના કેન્સરથી પીડાતા દર્દી મોહનભાઈ ઠાકુર પર 'ટોટલ લેરિંજેક્ટોમી' નામની અત્યંત જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. કેન્સર સર્જન ડૉ. અનુજ સુકેતુ શાહના નેતૃત્વમાં ડૉ. ભાવિન વડોદરીયા, ડૉ. અક્ષર પટેલ અને ડૉ. ગૌરબ મિત્રાની ટીમે આ પડકારજનક ઓપરેશન કર્યુ હતું. તબીબોએ કેન્સરગ્રસ્ત સ્વરપેટી દૂર કરી, શ્વાસ લેવા માટે ગળામાં અલગ માર્ગ તૈયાર કર્યો હતો. ખાસ નોંધનીય છે કે, આ ખર્ચાળ સારવાર પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીને સંપૂર્ણપણે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી છે. હાલ દર્દીની સ્થિતિ સ્થિર છે. અમરેલીમાં જ કિમોથેરાપી અને કેન્સર સર્જરીની સુવિધા ઉપલબ્ધ થતા સ્થાનિક દર્દીઓને હવે મોટા શહેરો સુધી લંબાવું પડશે નહીં. સફળ સારવાર બદલ દર્દીએ હોસ્પિટલ અને ડોક્ટરોનો આભાર માન્યો હતો.

# અમરેલી જિલ્લા મધ્યસ્થ જેલમાં બંદીવાનોને એક વર્ષ સુધી યોગ શીખડાવાશે

અમરેલી,તા.૧૫



અમરેલી જિલ્લા મધ્યસ્થ જેલમાં બંદીવાનોને આગામી એક વર્ષ સુધી પ્રતિદિન યોગ શીખવાડવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત યોગ દ્વારા બંદીવાનોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો છે. યોગ અભ્યાસના કારણે બંદીવાનોના જીવનમાંથી નકારાત્મકતા દૂર થતી જોવા મળી છે તેમજ ભાવનાત્મક સંતુલન અને માનસિક શાંતિમાં વધારો થયો છે. યોગના નિયમિત અભ્યાસથી બંદીવાનોમાં જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે અને તેમના જીવનમાં નવી દિશા તરફનું પરિવર્તન શક્ય બનતું હોવાનું અનુભવાઈ રહ્યું છે. અમરેલી જિલ્લા જેલમાં અગાઉ યોજાયેલી યોગ શિબિરોની સકારાત્મક અસરને કારણે બંદીવાનોએ યોગ ટ્રેનર બનવા માટેની તાલીમ મેળવવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. આ દિશામાં બંદીવાનો દ્વારા આવેદન કરવામાં આવ્યા છે. આ અંગે જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સાગર મહેતાએ જણાવ્યું હતું કે, રાજ્યકક્ષાએ થયેલા એમ.ઓ.યુ. અનુસાર આગામી ૩૧ ડિસેમ્બર સુધી અમરેલી સહિત સમગ્ર રાજ્યની જેલોમાં યોગ શિક્ષણ કાર્યક્રમ સતત યોજાશે.

# કસ્તુરબા બાલિકા વિદ્યાલયમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

ગીર સોમનાથ,તા.૧૫



તસવીર : ધર્મેશ પાઠક

અરણેજની કસ્તુરબા બાલિકા વિદ્યાલયમાં સોમવારે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મેરા યુવા ભારત કેન્દ્ર જૂનાગઢ(ગીર સોમનાથ) દ્વારા વિદ્યાલયમાં રાષ્ટ્રિય યુવા દિવસની ઝલક અને સ્વામી વિવેકાનંદજીના જીવન ચરિત્રની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ ઉપરાંત બાળાઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. બાળાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાઈ હતી. આ તકે પીએલવી પ્રકાશ જે. મકવાણા, વોર્ડન કમ હેડ ટીચર રંજનબેન પરમાર, સહાયક વોર્ડન કંચનબેન વાળા હાજર રહ્યા હતા.

# સુરત સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના ૧૪૨માં 'થર્સડે થોટ' કાર્યક્રમમાં સમયના સદુપયોગ અંગે ચિંતન

સુરત,તા.૧૫



સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૪૨મો 'થર્સડે થોટ' (વિચારોનું વાવેતર) કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખીને સમયના મહત્વ અને વ્યવસ્થાપન અંગે મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, સમય અને જીવનને રોકી શકાતું નથી અને ગયેલો સમય પાછો મળતો નથી. સમયને સંપત્તિ ગણાવી તેમણે ઉમેર્યું હતું કે, પહેલા માણસ પ્રકૃતિ સાથે જીવતો હતો, હવે તે એલાર્મ અને ઘડિયાળના કાંટે જીવે છે. તેમણે સૂર્ય ઘડિયાળથી લઈને આધુનિક ક્વાર્ટઝ ઘડિયાળ સુધીના સમય માપનના ઈતિહાસની રોચક માહિતી આપી હતી.

# લીલીયાની બેન્ક લોનની સજા પામેલા નાસતા-ફરતા આરોપીને પોલીસે ઝડપ્યો

લીલીયા,તા.૧૫



લીલીયા પોલીસે નાસતા-ફરતા આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી છે. બેંક લોન લીધા બાદ નાણાં ન ભરતા લીલીયા કોર્ટે ફોજદારી કેસ અન્વયે આરોપી અજયભાઈ સુરેશભાઈ ડાભી (રહે. લીલીયા મોટા) ને બે વર્ષની સજા ફટકારી હતી. આ આરોપી પોતાની ધરપકડ ટાળવા સુરત અને અમરેલીના વિવિધ વિસ્તારોમાં નાસતો-ફરતો હતો. લીલીયા પી.આઈ. એમ. ડી. સાળુંકેની સૂચનાથી ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ અને પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ ઈટાળીયાએ ચોક્કસ બાતમીના આધારે આરોપીને ઝડપી પાડ્યો હતો. કોર્ટના હુકમ બાદ આરોપીને સીધો અમરેલી જિલ્લા જેલ ખાતે કેદમાં મોકલી આપવામાં આવ્યો છે.

# કોડીનારમાં જીવનદીપ ટ્રસ્ટ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી: 'સશક્ત યુવા અને નશામુક્ત ભારત' વિષય પર કાર્યક્રમ

કોડીનાર,તા.૧૫



કોડીનાર ખાતે જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી તથા રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોડીનારના દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર ખાતે "સશક્ત યુવા અને નશામુક્ત ભારત" વિષય પર લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા તનવીરભાઈ ચાવડાએ વ્યસનમુક્તિ વિષય પર યુવાનોને નશાના દુષ્પરિણામો વિશે માર્ગદર્શન આપ્યું હતું અને નશામુક્ત જીવન તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે, સશક્ત અને સંવેદનશીલ યુવા શક્તિ દ્વારા જ નશામુક્ત અને સુશિક્ષિત ભારતનું નિર્માણ શક્ય છે. આ તકે ઉપસ્થિત યુવાનો અને લોકોએ નશામુક્ત જીવન અપનાવવાનો સંકલ્પ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જીવનદીપ ટ્રસ્ટના કર્મચારીઓ અને સહયોગીઓએ જહેમત ઉઠાવી હતી. અંતે સંસ્થા પરિવાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૭/૨૦૨૬ તા.૧૨/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રમીલાબેન જીવરાજભાઈ નડીયાદરા વાઈફ ઓફ વિઠલભાઈ પાંચાણી રહે.વંડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, મોટા ઝીંઝુડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રમીલાબેન જીવરાજભાઈ નડીયાદરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૫ ના રોજ મુ. મોટા ઝીંઝુડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૬/૨૦૨૬ તા.૧૨/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. તરકવાડીયા રફીકભાઈ ઉસ્માનભાઈ રહે. ખાટકી વાડ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી તરકવાડીયા રફીકભાઈ ઉસ્માનભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરચાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૭/૨૦૨૫ તા.૧૮/૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. અમરશીભાઈ માધાભાઈ મકવાણા રહે. મોદા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, હીપાવડલી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાણેજ અનીલભાઈ જયંતીભાઈ પિત્રોડાનો જન્મ તા.૨૫/૦૬/૧૯૯૦ ના રોજ મુ.હીપાવડલી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૯/૨૦૨૫

અરજદારશ્રી:- રાઠોડ ગોરધનભાઈ માલજીભાઈ, રે.ખાદી કાર્યાલય, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા રતનબેન માલજીભાઈ રાઠોડનું મરણ તા.૨૭/૦૭/૨૦૦૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૬/૨૦૨૫

અરજદારશ્રી:- ભાસ્કર સવિતાબેન જીવાભાઈ, રે.ખાદી કાર્યાલય, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા નાથીબેન ભીમજીભાઈ દાફડાનું મરણ તા.૧૪/૦૧/૧૯૫૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૬૫/૨૦૨૫

અરજદાર : શ્રી શીંગડ જેસાભાઈ બાબુભાઈ

સરનામુ : મું.ગરાળ, તા.ઉના જી.ગીરસોમનાથ

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - કેરાળા મું.કેરાળા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગરસોમનાથ જિલ્લાના **ઉના તાલુકાના ગરાળ** ગામના **શ્રી શીંગડ જેસાભાઈ બાબુભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી કાજલબેન જેસાભાઈ શીંગડની નો જન્મ** તા.૨૧/૦૩/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ડી.ઓ.કામળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડિસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

---

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ.નં.જન્મ-મરણ/૫૩/૨૦૨૫**

શ્રી જેરામભાઈ ભાદાભાઈ સરધારા
રહે.રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી જેરામભાઈ ભાદાભાઈ સરધારાનો જન્મ તા.૦૧/૧૧/૧૯૬૮ના રોજ ગામ/મોજેઃ રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ ભેંસાણ**

---

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ.નં.જન્મ-મરણ/૨/૨૦૨૫**

શ્રી જેન્તીલાલ રામજીભાઈ હિરપરા
મું.રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
મો.૯૯૭૪૯ ૩૮૪૫૦ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જેન્તીલાલ રામજીભાઈ હિરપરા દ્વારા તેમનો જન્મ તા.૨૭/૦૨/૧૯૬૮ના રોજ ગામ/મોજેઃ રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૨ મી માહે : ૦૧ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ ભેંસાણ**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૮/૨૦૨૫ તા.૧૨/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સમજુબેન કેશુભાઈ ગોહિલ રહે.ખાદી કાર્યાલય પાછળ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભત્રીજા ભરતભાઈ મનજીભાઈ ગોહિલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૦ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૪/૨૦૨૫ તા.૧૨/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રામુબેન અરજણભાઈ વેગડ રહે.ખાદી કાર્યાલય પાછળ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અશોકકુમાર અરજણભાઈ વેગડનો જન્મ તા.૦૮/૦૧/૧૯૭૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

# ભોપાલ નજીક ટ્રેક્ટર અને લોડિંગ વાહન વચ્ચે ભીષણ ટક્કરથી પાંચ લોકોના મોત, ૧૨થી વધુ ઘાયલ

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૧૫

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં મકરસંક્રાંતિનો પવિત્ર દિવસ એક પરિવાર માટે અત્યંત દુઃખદ અને કાળ બનીને આવ્યો. જિલ્લાના બેરસિયા થાણા વિસ્તારમાં આવેલા વિધા વિહાર સ્કૂલ પાસે એક ટ્રેક્ટર-ટ્રોલી અને લોડિંગ વાહન વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં એક જ પરિવારના ૫ સભ્યોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તમામ મૃતકો વિદિશા જિલ્લાના સિરોંજ વિસ્તારના રહેવાસી હતા અને એક જ પરિવારના સભ્યો હતા. મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે આખો પરિવાર લોડિંગ વાહનમાં સવાર થઈને હોશંગાબાદ ખાતે નદીમાં સ્નાન કરવા માટે જઈ રહ્યો હતો. સવારના સમયે જ્યારે તેમનું વાહન બેરસિયા પાસે પહોંચ્યું, ત્યારે સામેથી આવી



રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે તેમની ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે લોડિંગ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર લોકો અંદર ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનાને કારણે ઘટનાસ્થળે ચારેબાજુ ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પાંચ લોકોએ તો ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને એસડીએમ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# શેરબજારમાં રોકાણની લાલચ ભારે પડી : રાજકોટ સહિત ચાર શહેરોમાં કરોડોના સાયબર ફ્રોડનો ખુલાસો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં સાયબર ગુનાખોરીના ક્ષેત્રે મોટો ખુલાસો થયો છે. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના એસપી વિવેક ભેડાએ માહિતી આપતાં જણાવ્યું કે રાજ્યના રાજકોટ, વડોદરા, વલસાડ અને અમદાવાદમાં કુલ ચાર મોટા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના કેસ સામે આવ્યા છે. ચારેય કેસમાં આરોપીઓ દ્વારા એકસરખી પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

આ ચાર કેસમાંથી ત્રણ કેસમાં સિનિયર સિટીઝનને નિશાન બનાવવામાં આવ્યા હતા. આરોપીઓ દ્વારા ૮ થી ૧૦ લોકોના ગ્રુપ બનાવી, શેરબજાર અને વધારે નફાની લાલચ આપી રોકાણ માટે ઉશ્કેરવામાં આવતા હતા. સોશિયલ મીડિયા, વોટ્સએપ અને યૂટ્યૂબ લિંક દ્વારા લોકો સાથે સંપર્ક સાધવામાં આવતો હતો.

અમદાવાદમાં સિનિયર



સિટીઝન સાથે ૩ કરોડ ૯૦ લાખ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ થયું હતું. આ રકમ થરાદ સ્થિત બંધન બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાઈ હતી. પોલીસે આ કેસમાં બે આરોપી અને તેમના બે ઓપરેટરની ધરપકડ કરી છે. ખાતાની તપાસ દરમિયાન ૩૦થી વધુ અરજીઓ મળી આવી છે અને અત્યાર સુધી ત્રણ FIR નોંધાઈ છે. આરોપીઓએ કુલ ૧૧ કરોડ ૮૩ લાખ રૂપિયાનું ફ્રોડ કર્યું હોવાનું ખુલ્યું છે.

એસપી વિવેક ભેડાએ વધુમાં જણાવ્યું કે ચારેય આરોપીઓના એકાઉન્ટ સામે ૪૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે.

# વર્ષ ૧૭૭૧માં કાશીમાં બનાવાયેલો મણિકર્ણિકા ઘાટ તંત્રએ તોડી પાડ્યો

વારાણસી,તા.૧૫

કાશીના મણિકર્ણિકા ઘાટને તોડવામાં આવી રહ્યો છે. અહીં નવેસરથી ઘાટ તૈયાર થશે, તેની ડિઝાઈન ફાઈનલ છે. મણિકર્ણિકા ઘાટને વર્ષ-૧૭૭૧માં લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલ્કરે બનાવ્યો હતો. પછી ૧૭૯૧માં તેમણે જ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. બુધવારે લોકોએ જ્યારે કાટમાળમાં અહિલ્યાબાઈની મૂર્તિ જોઈ, ત્યારે વિરોધ શરૂ કરી દીધો હતો. તે જ સમયે, લોકોના વિરોધ પછી DM સત્યેન્દ્રએ કહ્યું- ઘાટની મૂર્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. તેમને સુરક્ષિત રાખવામાં આવી છે. કેટલાક લોકો AIથી ઘાટના ખોટા વીડિયો બનાવીને જાહેર કરી રહ્યા છે. આવા લોકોને ટ્રેસ કરવામાં આવી રહ્યા છે. ખરેખરમાં, PM મોદીએ વર્ષ-૨૦૨૩માં આ કામનો શિલાન્યાસ કર્યો હતો. પૂરને કારણે લગભગ દોઢ વર્ષથી કામ બંધ હતું. હવે આ પ્રોજેક્ટને ઝડપથી પૂરો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મણિકર્ણિકા અને હરિશ્ચંદ્ર ઘાટને નવી રીતે તૈયાર કરવામાં આવશે.

# હિમાચલના સિરમૌર જિલ્લામાં રહેણાંક મકાનમાં આગ લાગતા એક જ પરિવારના ચાર લોકો ભડથુ

સિમલા,તા.૧૫

હિમાચલ પ્રદેશમાં આગની દુર્ઘટનાઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. સિરમૌર જિલ્લામાંથી એક હૃદય કંપાવી દેનારી ઘટના સામે આવી છે. સિરમૌર જિલ્લાના નૌહરાધાર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં લાગેલી આગે એક આખા પરિવારને તબાહ કરી દીધો છે, જેમાં એક મહિલા અને ત્રણ બાળકો સહિત ૪ લોકોના જીવતા બળી જવાથી કરૂણ મોત થયા છે. આ ભીષણ દુર્ઘટના રેણુકા વિધાનસભા ક્ષેત્રના ઘંડૂરી પંચાયતના તલંગના ગામમાં બુધવાર અને ગુરુવારની વચ્ચેની રાત્રે બની હતી. મોહન લાલના લાકડાના મકાનમાં રાત્રે લગભગ અઢી વાગ્યે અચાનક આગ ફાટી નીકળી હતી. મકાન લાકડાનું હોવાથી અને દુર્ગમ વિસ્તાર હોવાના કારણે આગે જોતજોતામાં વિકરાળ



સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘરમાં ઊંઘી રહેલા પરિવારના સભ્યોને બહાર નીકળવાનો મોકો પણ મળ્યો ન હતો. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, રાત્રે અચાનક ધુમાડો અને આગની જ્વાળાઓ દેખાતા તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, પરંતુ આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેઓ લાચાર બનીને ઉભા રહ્યા. સવારે પોલીસ અને પ્રશાસનને જાણ કરવામાં આવી. આગ પર કાબૂ મેળવ્યા બાદ જ્યારે કાટમાળ હટાવવામાં આવ્યો, ત્યારે ચાર લોકોના જીવતા બળી જવાની પુષ્ટિ થઈ હતી.

# ઈડીએ મહાદેવ ઓનલાઈનના સટ્ટાબાજી રેકેટમાં ૨૧.૪૫ કરોડની સંપત્તિ જપ્ત કરી

રાયપુર,તા.૧૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મહાદેવ ઓનલાઈન બુકના ગેરકાયદેસર સટ્ટાબાજી રેકેટમાં મોટી કાર્યવાહી કરી છે. ઈડી રાયપુર ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ચાલી રહેલી તપાસમાં ૨૧.૪૫ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિ જપ્ત કરી છે. કરોડોની કિંમતની જપ્ત કરાયેલી સંપત્તિમાં ૯૮.૫૫ લાખની જંગમ સંપત્તિ અને ભારત અને દુબઈમાં સ્થિત રહેણાંક મકાનો, વ્યાપારી દુકાનો, ખેતીની જમીન અને વૈભવી એપાર્ટમેન્ટ સહિત ૨૭ સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત ૨૦.૪૬ કરોડ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે તે વ્યક્તિઓનો ખુલાસો કર્યો જેમની મિલકતો જપ્ત કરવામાં આવી છે. આમાં રવિ ઉપ્પલ, રજત કુમાર સિંહ, સૌરભ આહુજા, વિશાલ રામાણી, વિનય કુમાર, હની સિંહ, લકી ગોયલ અને રાજા ગુપ્તાનો સમાવેશ થાય છે.

# એઈમ્સના બેઝમેન્ટ પાર્કિંગમાં ધૂળ ખાતા બિનવારસી વાહનો, તપાસ વગર જ વાહનોને એન્ટ્રી મળતા તંત્ર સામે સવાલ

(એચ.એસ.એલ), નવીદિલ્હી , તા.૧૫

એક તરફ, પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ માટે રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી રહી છે. દરમિયાન, એમ્સ દિલ્હી જેવી પ્રખ્યાત હોસ્પિટલના પાર્કિંગમાં ત્યજી દેવાયેલા વાહનો ધૂળ ખાઈ રહ્યા છે. તેમની સંભાળ રાખવા માટે કોઈ નથી. આ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા કરે છે. અમર ઉજાલાના સંવાદદાતાએ બુધવારે પાર્કિંગની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વ્યક્તિગત રીતે સ્થળની મુલાકાત લીધી હતી.

એમ્સમાં, બેઝમેન્ટ પાર્કિંગ નંબર ત્રણ દર્દીઓ અને સારવાર માટે ઓપીડીમાં આવતા એટેન્ડન્ટ્સ માટે પાર્કિંગ જગ્યા છે. પાર્કિંગ પિલર નંબર યુબી-૩/૬ ની સામે ટુ-વ્હીલર પાર્ક




કરવામાં આવે છે. આમાં બે સ્કૂટર અને એક મોટરસાઈકલનો સમાવેશ થાય છે. વાહનો પર ધૂળ જમા થઈ ગઈ છે. એક બાઈકની પાછળની નંબર પ્લેટ પણ ગાયબ છે.

એ જ રીતે, વિવિધ રાજ્યોમાં નોંધાયેલા ટુ-વ્હીલર પાર્કિંગમાં ફી કાઉન્ટર પાસે ત્યજી દેવાયેલા વાહન પાર્ક કરવામાં આવે છે. કેટલાક બાઈકના ટાયર પણ ડિફ્લેટ થઈ ગયા છે. પાર્કિંગના અન્ય ભાગોમાં પણ આવી જ પરિસ્થિતિ છે, જેમાં વાહનો બેફામ પાર્ક કરવામાં આવે છે.

# ગુરુ નાનક દેવ યુનિવર્સિટીમાં સુવર્ણ જયંતી દીક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિના હસ્તે ૪૬૩ વિદ્યાર્થીઓને ડિગ્રી અને મેડલ એનાયત થશે

અમૃતસર,તા.૧૫

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પંજાબની મુલાકાતે છે. તે અમૃતસરમાં ગુરુ નાનક દેવ યુનિવર્સિટી ના ૫૦મા સુવર્ણ જયંતિ દિક્ષાંત સમારોહમાં હાજરી આપશે. પોલીસ અને વહીવટીતંત્રે તેમના આગમન માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય પોલીસે સંયુક્ત રીતે એક યાદગાર ઘટના સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા રિહર્સલ હાથ ધર્યા છે.

એસ.એસ. પરમારના નેતૃત્વ હેઠળની એડીજીપી-સ્તરની સુરક્ષા ટીમે કન્વેન્શન હોલમાં સુરક્ષા ધોરણો અને રૂટ પ્લાનની સંપૂર્ણ સમીક્ષા કરી. કુલપતિ પ્રો. ડૉ. કરમજીત સિંહ, ડેપ્યુટી કમિશનર દલવિંદરજીત સિંહ, પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લર, એઆઈજી પરમિંદર



સિંહ ભંડલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બધા વિદ્યાર્થીઓને ઓળખ દસ્તાવેજો અને પાસ જારી કરવામાં આવ્યા હતા. મેડલ અને ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને પ્રવેશ દસ્તાવેજો અને ટેગ નંબર પણ સોંપવામાં આવ્યા હતા. કેમ્પસ અને આસપાસના વિસ્તારને બેરિકેડથી સીલ કરવામાં આવ્યા હતા, અને સંપૂર્ણ તપાસ પછી જ પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી. દીક્ષાંત સમારોહમાં કુલ ૪૬૩ વિદ્યાર્થીઓને ડિગ્રી અને મેડલ એનાયત કરવામાં આવશે.

# 'મર્દાની ૩'ના પ્રમોશન માટે અમદાવાદ પહોંચી રાણી મુખર્જી : આકાશમાં પેચ લડાવી ફેન્સના દિલ જીત્યા

(એચ.એસ.એલ), મુંબઈ,તા.૧૫

રાની મુખર્જીએ અમદાવાદમાં પતંગ ઉડાવવાના ઉત્સવમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ મકરસંક્રાંતિના તહેવાર પહેલા યોજાયો હતો. તેણી પતંગ ઉડાવતી પણ જોવા મળી હતી. દરમિયાન, ચંદીગઢમાં, અભિનેતા વરુણ શર્મા અને પુલકિત સમ્રાટ ચાહકો સાથે લોહરી ઉજવતા જોવા મળ્યા.



રાની મુખર્જીની ફિલ્મ 'મર્દાની ૩' નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું હતું. આ ફિલ્મ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. રાની મુખર્જીએ પોતાની ફિલ્મનું પ્રમોશન શરૂ કરી દીધું છે. મંગળવારે, તે અમદાવાદ આવી અને પતંગ ઉડાવવાના ઉત્સવમાં ભાગ લીધો. આ ઉત્સવ મકરસંક્રાંતિના એક દિવસ પહેલા શરૂ થાય છે. આ પ્રસંગે રાનીએ લોકો સાથે પતંગ પણ ઉડાવી. પતંગ ઉડાવતી વખતે તે ખૂબ જ ખુશ દેખાતી હતી.

# પ.બંગાળમાં ભાજપને સરકાર બનાવતા કોઈ નહી રોકી શકે : ત્રિપુરાના CM માણિક સાહા

અગરતલ્લા, તા.૧૫


ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ કહ્યું કે કોઈ પણ શક્તિ ભારતીય જનતા પાર્ટીને પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવતા રોકી શકે નહીં. તેમણે આરોપ લગાવ્યો કે બંગાળની શાસક પાર્ટીએ રાજ્યને બરબાદ કરી દીધું છે અને તેને ''મીની પાકિસ્તાન'' બનાવવાનો પ્રયાસ કરી રહી છે. અરલિયા કોમ્યુનિટી હોલમાં એક સંગઠનાત્મક બેઠકને સંબોધતા, સાહાએ કહ્યું કે ડર એ નબળાઈની નિશાની છે. ''જેઓ ડરે છે તેઓ સમાજને બદલી શકતા નથી. જેઓ એક સમયે સીપીએમ સામે લડ્યા હતા તેઓ હવે ચૂંટણી લડવા માટે ભેગા થયા છે. આ કેવા પ્રકારની નીતિ છે? આ બધા ભયના સંકેતો છે,

સાહાએ વધુમાં કહ્યું, ''આપણી પાસે લોકશાહી છે, તેથી લોકો જે ઈચ્છે તે કહી શકે છે.

# તુષાર ઈન્ફ્રા ડેવલપર્સ દ્વારા મુંબઈમાં ડેટા સેન્ટર બિલ્ડિંગનું વેચાણ, એકતા કપૂર અને જીતેન્દ્રની નેટવર્થમાં ધરખમ વધારો

મુંબઈ,તા.૧૫

બોલીવુડના દિગ્ગજ અભિનેતા જીતેન્દ્ર અને તેમના પુત્ર તુષાર કપૂરે મુંબઈમાં તેમની એક કોમર્શિયલ મિલકત જાપાનના એનટીટી ગ્રુપના એકમને ૫૫૯ કરોડમાં વેચી દીધું છે. અહેવાલો અનુસાર, અભિનેતાની કુલ સંપત્તિ ૧,૫૦૦ થી ૧,૬૦૦ કરોડની વચ્ચે છે. તેમનો પુત્ર, તુષાર, એક અભિનેતા છે, અને તેમની પુત્રી,



એકતા કપૂર, એક પ્રખ્યાત ટીવી સિરિયલ નિર્માતા છે. તુષારની કુલ સંપત્તિ ૯૦ થી ૧૦૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. એકતા પાસે પણ ૧૧૫ કરોડની કુલ સંપત્તિ છે.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ સ્ક્વેર યાર્ડ્સ દ્વારા શેર કરાયેલા નોંધણી દસ્તાવેજો અનુસાર, એનટીટી ગ્લોબલ ડેટા સેન્ટર્સે તુષાર ઈન્ફ્રા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી બાલાજી આઈટી પાર્કમાં ૫૫૯.૨૪ કરોડમાં ૩૦,૧૯૫ ચોરસ મીટરથી વધુ જગ્યા ખરીદી હતી.

# ઈરાન પર હુમલો કરવાની અમેરિકાએ આપેલી ધમકીને રશિયાએ સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવી

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૧૫

રશિયાએ ઈરાન પર હુમલો કરવાની અમેરિકાની ધમકીનો કડક જવાબ આપ્યો છે. રશિયન વિદેશ મંત્રાલયે ઈરાન પર હુમલો કરવાની અમેરિકાની ધમકીને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવી છે. મંત્રાલયે મંગળવારે એક નિવેદનમાં ચેતવણી આપી હતી કે આવા કોઈપણ હુમલાના મધ્ય પૂર્વ અને વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર પરિણામો આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા ટેરિફ વધારીને ઈરાનના સાથીઓને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે સ્પષ્ટપણે બ્લેકમેલ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાનમાં પશ્ચિમી પ્રતિબંધોને કારણે થતી સામાજિક અને આર્થિક સમસ્યાઓથી વિરોધ કરવા ઉશ્કેરવામાં આવ્યા હતા. વધુમાં, બાહ્ય દળો ઈરાની સરકારને અસ્થિર અને નાશ કરવા માટે આ વધતા સામાજિક તણાવનો લાભ



લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. નિવેદનમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ઈરાનમાં અશાંતિ પાછળ વિદેશથી નિર્દેશિત કેટલાક તાલીમ પામેલા સશસ્ત્ર વ્યક્તિઓનો હાથ છે. રશિયન વિદેશ મંત્રાલયે આશા વ્યક્ત કરી હતી કે ઈરાનમાં પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થશે. તેણે ઈરાનમાં રહેતા રશિયન નાગરિકોને ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવાની સલાહ આપી.

બીજી તરફ, ઈરાનમાં વિરોધ પ્રદર્શનો પર કડક કાર્યવાહી વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની અધિકારીઓ સાથે વાતચીતના દરવાજા બંધ કરી દીધા છે.

# ફ્રાન્સમાં સરકારી નીતિઓનો વિરોધ કરવા ખેડૂતો ટ્રેક્ટર સાથે રસ્તા પર ઉતર્યા

પેરિસ,તા.૧૫

ફ્રાન્સની શેરીઓમાં પણ વિરોધના દ્રશ્યો જોવા મળ્યા, ખેડૂતો સરકારી નીતિઓનો વિરોધ કરવા માટે બહાર આવ્યા. ટ્રેક્ટર સાથે રસ્તા પર ઉતરી આવ્યા. મંગળવારે, ખેડૂતો ૩૫૦ ટ્રેક્ટર સાથે સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા, તેમની ઓછી આવક અને દક્ષિણ અમેરિકા યુરોપિયન યુનિયન વેપાર કરારનો વિરોધ કરી રહ્યા હતા. ખેડૂતોને ડર છે કે વેપાર કરાર તેમની આજીવિકાને જોખમમાં મૂકશે.

ખેડૂતો ટ્રેક્ટર સાથે આવતા ચેમ્પ્સ-એલિસીસ અને પેરિસના અન્ય રસ્તાઓ પર ભીડના સમયે ટ્રાફિક જામ થયો. પછી તેમણે સીન નદી પાર કરીને રાષ્ટ્રીય સભા તરફ કૂચ કરી. ફ્રાન્સ અને અન્ય યુરોપિયન દેશોમાં અનેક પડકારોને કારણે ખેડૂતોનો ગુસ્સો વધ્યો છે. મંગળવારના વિરોધનું નેતૃત્વ કરી રહેલા ખેડૂત સંગઠનોએ કહ્યું હતું કે તેઓ ફ્રાન્સની ખાદ્ય સુરક્ષાને સુરક્ષિત રાખવા માટે નક્કર અને તાત્કાલિક પગલાં લેવાની હાકલ



કરે છે. રિયાએ કહ્યું.

ફ્રેન્ચ ખેડૂતોએ કહ્યું કે બળતણ, ખાતર અને પશુ આહારનું ઉત્પાદન વધતા ખર્ચ તેમજ કડક પર્યાવરણીય નિયમો અને શક્તિશાળી રિટેલરો અને ખાદ્ય કંપનીઓના ભાવ દબાણને કારણે તેમની આવક ઘટી રહી છે. અન્ય EU દેશોના ખેડૂતોની જેમ, ફ્રેન્ચ ખેડૂતો લાંબા સમયથી બ્રાઝિલ, આર્જેન્ટિના, બોલિવિયા પર નિર્ભર છે, પેરાગ્વે અને ઉરુગ્વે જેવા મર્કોસુર દેશો EUના પ્રસ્તાવિત વેપાર કરારનો વિરોધ કરી રહ્યા છે. તેમની દલીલ છે કે આ કરાર દક્ષિણ અમેરિકન બીફ, ચિકન, ખાંડ અને વિવિધ ધોરણો હેઠળ ઉત્પાદિત અન્ય ઉત્પાદનોનું રક્ષણ કરે છે.

# ગોંડલમાં ઉત્તરાયણનું પર્વ લોહીયાળ બન્યું : પતંગની હુંસાતુસીમાં પાડોશીઓ વચ્ચેના વિવાદમાં એકની હત્યા

ગોંડલા,તા.૧૫

ગોંડલમાં ઉત્તરાયણનો પર્વ લોહીયાળ બન્યો હતો. ભગવતપરામાં રહેતા બે પાડોશી પરિવાર વચ્ચે પતંગ અંગેની હુંસાતુસીમાં બબાલ સર્જાતા તીક્ષ્ણ હથિયારો વડે એકબીજા પર હુમલો કરાતા ચાર વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા.

જે પૈકી એક વ્યકિતને રાજકોટ ખસેડાતા સારવાર મળે તે પહેલા મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવનાં પગલે પોલીસ ભગવત પરા અને હોસ્પિટલ દોડી ગઈ હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.



આ ઘટનામાં અનિલભાઈ પુંજાભાઈ લુણસીયા, કાંતિભાઈ ઉકાભાઈ મકવાણા, સાગરભાઈ કાંતિભાઈ મકવાણા તથા સુનીલભાઈ કાંતિભાઈ મકવાણા ઈજાગ્રસ્ત થતા ગોંડલ સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા. જે દરમિયાન સારવાર મળે તે પહેલા જ અનિલભાઈનું મોત થયું હતું. આ બનાવથી શહેરમાં સનસનાટી મચી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃતક અનિલભાઈનાં મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાયું હતું.

# ઉત્તરાયણના દિવસે જ અમરેલી સહિત રાજ્યમાં ભૂકંપના આંચકાથી ધરા ધ્રુજી

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ભૂકંપની ગતિવિધિઓમાં વધારો જોવા મળ્યો છે. મકરસંક્રાંતિના પવિત્ર પર્વની વહેલી સવારે જ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૪ આંચકા નોંધાયા છે, જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. જોકે, રાહતની વાત એ છે કે આંચકાઓની તીવ્રતા ઓછી હોવાથી જાનમાલનું કોઈ નુકસાન થયું નથી.



૧૪ જાન્યુઆરીની વહેલી સવારે ૦૨:૨૩ વાગ્યે બે અલગ-અલગ સ્થળોએ આંચકા અનુભવાયા હતા. સૌરાષ્ટ્રના અમરેલી પાસે ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૧ કિલોમીટરની ઊંડાઈએ હતું. તે જ સમયે દક્ષિણ ગુજરાતના વાંસદા પાસે ૧.૬ની તીવ્રતાનો હળવો આંચકો નોંધાયો હતો. આ અગાઉ ૧૩ જાન્યુઆરીના રોજ પણ રાજ્યના બે વિસ્તારોમાં ભૂકંપની હલચલ જોવા મળી હતી. કચ્છના ધોળાવીરાથી ૪૧ કિલોમીટર દૂર ૨.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જ્યારે પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં પણ સવારે ૦૯:૫૮ વાગ્યે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

# સુરતમાં મકરસંક્રાંતિએ દોરીથી યુવકનું ગળુ કપાયું, કિશોરી ધાબા પરથી પટકાતા મોત

સુરત,તા.૧૫

સુરત શહેરમાં ઉતરાયણના પર્વ પર બે આશાસ્પદ લોકોના મોતની ઘટના સામે આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. શહેરના ભેસ્તાન વિસ્તારમાં પતંગ ચગાવતા સમયે ધાબા પરથી પટકાતા ૧૪ વર્ષીય કિશોરીએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અલથાણ વિસ્તારમાં પતંગની ઘાતક દોરીએ ૨૩ વર્ષીય યુવકનો ભોગ લીધો છે. ૧૪ વર્ષની કિશોરી (મંટુ) પોતાના ઘરના ધાબા પર પતંગ ચગાવી રહી હતી. પતંગના પેચ લડાવવાના આનંદમાં કિશોરીનું ધ્યાન ન રહેતા તે અચાનક ધાબા પરથી નીચે પટકાઈ હતી. જો કે, સારવાર શરૂ થાય તે પહેલા જ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.







બીજી તરફ, સુરતના અલથાણ વિસ્તારમાં ૨૩ વર્ષીય પ્રિન્સ બાથમ નામનો યુવક સાંજના સમયે પોતાના મોપેડ પર બહાર નીકળ્યો હતો. રસ્તા પરથી પસાર થતી વખતે અચાનક પતંગની ધારદાર દોરી તેના ગળામાં આવી ગઈ હતી. દોરી વાગતા જ પ્રિન્સ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયો હતો. તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ કુલપતિના મોઢા પર કાળી શાહી ફેંકાઈ

રાજકોટ,તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી સામે વિદ્યાર્થિનીઓની છેડતીના ગંભીર આક્ષેપો મામલે ગુજરાત પ્રદેશ **NSUI** દ્વારા ગિરીશ ભીમાણીના પૂતળા દહન અને સૂત્રોચ્ચાર સાથે આક્રમક વિરોધ કરવામાં આવ્યો હતો. **NSUI**ના કાર્યકરો દ્વારા ગિરીશ ભીમાણીને આંતરીને શાહી લગાવી મોં કાળુ કરવામાં આવ્યું હતું. જોકે, આ સમગ્ર મામલે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. ગુજરાત પ્રદેશ **NSUI**ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા વિધાસભાના નિયામક તરીકે ફરજ બજાવનારા ગિરીશ ભીમાણી દ્વારા વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાના આક્ષેપ થયા હતા.



વિદ્યાર્થીઓ આબુ પ્રવાસ ગયા હતા જ્યાં પાછળથી ગિરીશ ભીમાણી પહોંચ્યા હતા અને નશાની હાલતમાં વિદ્યાર્થિનીઓની છેડતી કરી હોવાના આક્ષેપો થયા છે. ૧૨ અને ૧૩ જાન્યુઆરી દરમિયાન બનેલી આ ઘટના બાદ ગજેરા સંકુલ દ્વારા ભીમાણીને તાત્કાલિક દૂર કરી દેવામાં આવ્યા હતા. જોકે, આ અંગે સમાધાન થઈ જતા પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી. **NSUI**ના વિરોધ પ્રદર્શન દરમિયાન 'ગિરીશ ભીમાણી મુર્દાબાદ'ના નારા લગાવવામાં આવ્યા હતા. જે પછી વિદ્યાર્થી સંગઠનના આગેવાનો દ્વારા ભીમાણીના મોં પર શાહી ફેંકવામાં આવી હતી. આ દરમિયાન ભીમાણીના પૂતળાનું દહન પણ કરવામાં આવ્યું હતું.

**એનએસયુઆઈએ 'ગિરીશ ભીમાણી મુર્દાબાદ'ના નારા લગાવી પૂતળા દહન કર્યું**

# અમદાવાદમાં જુની અદાવતમાં કાંકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડની નજીક યુવકની હત્યા

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના મણિનગરમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ નજીક ગત (૧૪મી જાન્યુઆરી) રાતે ખૂની ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને કેટલાક શખસોએ એક યુવકની ઘાતકી હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ કાગડાપીઠ અને મણિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.




આ મામલે અમરાઈવાડીમાં રહેતા ૨૩ વર્ષીય રાહુલ રાઠોડે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રાહુલે તેના નાના ભાઈ ચિરાગની હત્યા અંગે મંથન ઉર્ફે રૂત્વિક પરમાર તથા જયદિપ શાહ, હર્ષીલ શાહ અને વિજય ઉર્ફે વી.પી. પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. સમાધાન કરવાના બહાને બોલાવીને આ શખ્સોએ ચિરાગ પર હુમલો કર્યો હતો.

ઉત્તરાયણે રાત્રે આશરે ૯.૪૫ વાગ્યે આ ખૂની ખેલ ખેલાયો હતો. આરોપી મંથન અને તેના મિત્રોએ પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને સમાધાન કરવા માટે મંથને ચિરાગ રાઠોડ અને તેના મિત્ર નયનને કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે બોલાવ્યા હતા.

# બાયડ અને જંબુસરમાં દોરીથી ગળું કપાતા બે યુવકોના મોતથી ઉત્તરાયણનું પર્વ શોકમાં ફેરવાયું

અરવલ્લી,તા.૧૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલા ગામે ઉત્તરાયણના દિવસે કરૂણ ઘટના બની છે. મોપેડ લઈને જતાં એક સગીર યુવકનું ચાઈના દોરીને કારણે ગળું કપાતા મોત થયું છે. ૧૭ વર્ષીય તીર્થ પટેલ નામનો યુવક દોરી ગળામાં ઘસાતાં પડી ગયો હતો જે બાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.




ચોઈલા ગામના બીજા સ્ટેન્ડ પાસે બનેલી આ ઘટનામાં ધોરણ ૧૧માં ભણતા ૧૭ વર્ષીય તીર્થ પ્રકાશભાઈ પટેલ મોપેડ લઈને પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક જ તેના ગળામાં પ્રતિબંધ ચાઈનીઝ દોરી આવી ગઈ હતી, જેના કારણે તેનું ગળું કપાતા વધુ માત્રામાં લોહી વહેવા લાગ્યું હતું. જ્યાં તેનું મોત થતાં ઉત્તરાયણના તહેવારમાં ગામમાં માતમ છવાઈ ગયું હતું. બીજી તરફ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પીલુદરામાં પતંગની દોરીથી ગળું કપાતા બાઈકચાલકનું મોત થયું છે, રાહુલ પરમાર નામનો વ્યક્તિ બાઈક લઈને જતો હતો તે દરમિયાન દોરી ગળામાં આવી જતાં તેનું મોત થયું હતું.

# ગાંધીનગરમાં ટાઈફોઈડથી હાહાકાર : છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬ કેસ સાથે કુલ આંક ૨૧૮ પર પહોંચ્યો

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૫

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રોગચાળો વકરતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ટાઈફોઈડના નવા ૬ કેસ નોંધાયા છે, જેને પગલે અત્યાર સુધીમાં કુલ કેસોની સંખ્યા ૨૧૮ પર પહોંચી ગઈ છે. દૂષિત પાણીના કારણે ફેલાયેલા આ રોગચાળાને પગલે હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.





ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. પાલિકાને શહેરમાં પાણીની લાઈનોમાં ૫૮ જેટલા લિકેજ મળી આવ્યા છે. અત્યાર સુધી લેવામાં આવેલા ૬,૦૬૬ પાણીના સેમ્પલમાંથી ૧૩૬ સેમ્પલ ફેઈલ સાબિત થયા છે, જે દૂષિત પાણી પુરવઠાની પુષ્ટિ કરે છે.

# નવસારી નજીક રૂા. ૧.૯૭ લાખના ગાંજા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

નવસારી,તા.૧૫

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે માહિતીને આધારે નવસારી-પલસાણા તરફના નેશનલ હાઈવે પરથી ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસે એલએસડી ડ્રગ્સની સ્ટ્રીપો તથા ગાંજો મળીને કુલ રૂ. ૧,૯૭,૮૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર ચંદ્રશેખર પવારની ટીમને અંગત તથા વિશ્વસનીય બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ જેનિશ પટેલ નામનો ઈસમ નવસારીથી પલસાણા તરફ જતા નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર આવેલા વેસ્મા ઓવરબ્રિજ પાસેના ખેતલા આપા ટી-સ્ટોલ ખાતે પ્રતિબંધિત માદક પદાર્થ એલએસડી ડ્રગ્સની કેટલીક સ્ટ્રીપો આપવાના ઈરાદે આવનાર છે. બાતમી મુજબ આરોપી જીજે-૨૧-એન ૮૨૮૧ નંબરની હોન્ડા કંપનીની બ્લુ-સિલ્વર કલરની પેશન પ્લસ મોટરસાયકલનો ઉપયોગ કરતો હતો.

# ઈમરાન હાશમીએ પતંગ મહોત્સવમાં ભાગ લઈ ગુજરાત પ્રવાસનને અભિનંદન પાઠવ્યા

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના રિવરફ્રન્ટ પર આતંરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ચાલી રહ્યો છે, આ પતંગ મહોત્સવમાં ગુજરાત સહિત દેશ અને દુનિયામાંથી પતંગબાજો ભાગ લેવા માટે આવ્યાં છે. અસંખ્ય લોકો આ પતંગ મહોત્સવને જોવા પણ આવી રહ્યાં છે. ત્યારે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલમાં આવેલા બોલિવુડ અભિનેતા ઈમરાન હાશમી સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.



મીડિયા સાથે વાત કરતા ઈમરાન હાશમીએ કહ્યું કે, "હું પીએમ મોદી અને ગુજરાત પ્રવાસનને અભિનંદન આપવા માંગુ છું. આ મહોત્સવમાં હાજરી આપવાનો આ મારો પહેલો પ્રસંગ છે. હું શૂટિંગ અને પ્રમોશન માટે ઘણી વખત અમદાવાદ આવ્યો છું. જે રીતે આ આખું આયોજન કરવામાં આવ્યું છે તે મને ખૂબ ગમ્યું. ઘણા દેશોમાંથી પતંગબાજો આવ્યા છે.





